# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.15 - Issue 05
May 2022
Price 12/-











જગદીશભાઈ સ્મૃતિદિવસ ૧૨-૫-૨૦૦૧







મહેસાણા ખાતે 'આત્મ નિર્ભર કિસાન અભિયાન'ના શુભારંભ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, દૂધસાગર ડેરીના ચેરમેન ભ્રાતા અશોકભાઈ ચૌધરી, બ્ર.કુ.સરલાબેન તથા અભિયાન યાત્રીઓ.



બોટાદમાં 'મહિલા દિવસે' કાર્યક્રમમાં બ્ર.કુ. નીતાબેન, PI ભગિની રચનાબેન, એડવોકેટ જયશ્રીબેન, FSO નદીરાબેન, નગરપાલિકાના સભ્ય મીનાક્ષીબેન, જાયન્ટસ્ સહેલીના પ્રમુખ મીનાબેન.



આણંદમાં 'આંતરરાષ્ટ્રીય વુમન ડે'ના આયોજનમાં ગાયનેક ડૉ. અલ્પાબેન, લાયન્સ ક્લબના પ્રમુખ મગનભાઈ, બ્ર.કુ. ગીતાબેન.



ભૂજમાં 'દ્વાદશ જ્યોતિલિંગ દર્શન' કાર્યક્રમમાં નગરપતિ ભ્રાતા ઘનશ્યામભાઈ ઠક્કરને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. રક્ષાબેન.



બોડેલી 'આઝાદીના અમૃત મહોત્સવ'કાર્યક્રમમાં VHP પ્રમુખ દીપકભાઈ, અર્બન બેંકના ચેરમેન રજનીભાઈ, સ્કુલના ટ્રસ્ટી કંચનભાઇ, ડૉ. રાહુલભાઈ, બ્ર.કુ. જ્યોતિબેન, બ્ર.કુ. હર્ષાબેન.



ગાંધીનગર સેકટર-૨૮ દ્વારા 'વર્લ્ડ હેલ્થ ડે'નાં રોજ હોમગાર્ડના જવાનોને આરોગ્યની સમજ આપતાં બ્ર.કુ. કૃપલબેન, જીલ્લા કમાન્ડન્ટ વિષ્ણુભાઈ, ડૉ. હસમુખભાઈ નાયક, બ્ર.કુ. મીરાબેન.



નવસારીમાં આયોજીત ગાંધી મેળામાં 'આધ્યાત્મિક સાહિત્ય વિભાગ'નું ઉદ્‌ઘાટન કરતાં મહાત્મા ગાંધીના પ્રપૌત્ર ભ્રાતા તુષારભાઈ ગાંધી બાજુમાં બ્ર.કુ. ગીતાબેન તથા અન્ય.



સરભાણમાં 'આત્મ નિર્ભર કિસાન અભિયાન'માં MLA સંજયસિંહ સોલંકી, ચીફ ઈજનેર GEB શૈલેશભાઈ, કૃષિ વૈજ્ઞાનિક રાહુલભાઈ, વિસ્તરણ અધિકારી કનુભાઈ, ધવલભાઈ, બ્ર.કુ. દીપિકાબેન, બ્ર.કુ.પ્રીતિબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૫ | મે - ૨૦૨૨ | અંક : ૦૫

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- સાધના, સાધન અને સિદ્ધિ ..................તંત્રી સ્થાનેથી ..04
- ગૃહસ્થમાં રહીને યોગી બનીએ .............દાદી જાનકીજી ..08
- અચાનક અને એવરરેડી .............દાદી હૃદયમોહિનીજી ..10
- સદ્ભાવનાઓના દીપ પ્રગટાવો ............બ્ર.કુ. સૂર્યભાઈ ..13
- દધીચિ ઋષિ સમાન ત્યાગ, તપસ્યા .....બ્ર.કુ. સુભાષભાઈ ..15
- મનન અને આરાધના ........................બ્ર.કુ. અનિલ ..19
- ઈશ્વરીય જ્ઞાન તથા ખજાનચી .............બ્ર.કુ. હેમંતભાઈ ..20
- સત્યની ઓળખ ....................બ્ર.કુ. ડો. નિરંજનાબેન ..23
- આધ્યાત્મિક કન્યા - ......................બ્ર.કુ. પૂર્ણિમાબેન ..24
- વિચાર .......................................ડો. રાજેન્દ્રભાઈ ..28
- દિવ્યદર્શન ................................બ્ર.કુ. નંદિનીબેન ..30
- સંગમયુગની શબ્દાવલી .......................................34



### લવાજમના દર

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 99798 99104**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**


**-:- વિશેષ નોંધ -:-**

સર્વ નાના–મોટા સેવાકેન્દ્રો દ્વારા થયેલી સેવાઓના ઓરીજનલ હાઈરીઝ્યુલેશન વાળા ચોખ્ખા વ્યવસ્થિત યોગ્ય ફોટા, પુરા નામ–હોદ્દો, સંપૂર્ણ વિગતો સાથે ગુજરાતી જ્ઞાનામૃતના ઈમેઈલ પર આવકાર્ય છે. જેને મોકલવાની અગ્રતાક્રમે, દરેક પ્રકારે ફોટાની ગુણવત્તાઓના આધારે ન્યાય અપાય છે.

**આવશ્યક નોંધ**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# સાધના, સાધન અને સિદ્ધિ

### સાધના

દેશ અને વિદેશોમાં ધાર્મિક-આધ્યાત્મિક ક્ષેત્રે અનેક સાધના પદ્ધતિઓ છે. દરેક સાધના પદ્ધતિનું પોતાનું આગવું મહત્વ છે. પણ મારી દૃષ્ટિએ સર્વ સાધના પદ્ધતિઓમાં શ્રેષ્ઠ સહજ રાજયોગ અને ઈશ્વરીય જ્ઞાનની સાધના પદ્ધતિ છે. નિરાકાર જ્યોતર્બિંદુ પરમપિતા શિવ પરમાત્માએ પ્રજાપિતા બ્રહ્માના માધ્યમ દ્વારા તેને પ્રચલિત કરી છે. આ સાધના પદ્ધતિ અતિ સરળ છે. અશિક્ષિત, અલ્પશિક્ષિતથી લઈને પ્રખર વિદ્વાન સુધી સૌ કોઈ આ માર્ગે ચાલી શકે છે. તેમાં જ્ઞાતિ, જાતિ, વય, વર્ગ, ધર્મ કે અન્ય કોઈ ભેદ નથી. તે ખર્ચાળ નથી. બાહ્ય કર્મકાંડ કે દેહદમનથી મુક્ત છે. આમ છતાં તેની મહાનતા છે. આ પદ્ધતિમાં સ્વયંની યથાર્થ ઓળખ, પરમાત્માની યથાર્થ ઓળખ અને સૃષ્ટિચક્રનું જ્ઞાન જરૂરી છે. તે માટે પ્રારંભિક સપ્તાહ કોર્સ છે. જે માત્ર રોજના કલાક કે દોઢ કલાકના હિસાબે નિયમિત રીતે સપ્તાહ સુધી કરવાનો છે. ત્યાર પછી આ માર્ગે ચાલવાનું મન, બુદ્ધિ સ્વીકારે તો તેને નિયમિત રીતે જીવનમાં ધારણ કરવાની છે.

સાધનાએ કોઈ ચમત્કારી, દેખાડો કરવાની, અહંભાવમાં આવવાની કે કોઈના ઉપર વ્યર્થ પ્રભાવ પાડવાની ક્રિયા નથી. તે તો અંતરમનની દુનિયામાં ડોકિયું કરવાની પ્રક્રિયા છે. બહિર્મુખતાને સમેટી અંતર્મુખી બની મનન, ચિંતન કરવાની ક્રિયા છે. સારાસારનો વિવેક જાણવાની પ્રક્રિયા છે. સાધનાનો માર્ગ માત્ર સમજણ સુધી જતો નથી પણ તેને જીવનમાં ઉતારી ઊર્ધ્વગામી પથની અંતિમ મંઝિલે પહોંચાડવાનો છે. જે રીતે શરીર માટે સ્નાનાદિ, શુદ્ધિથી લઈને ખાનપાન, આહાર, પ્રવૃત્તિ આરામ નિયમિત રીતે કરીએ છીએ તે રીતે આત્માની શુદ્ધિ અને ઉત્કર્ષ માટે સાધના પણ એટલી જ  અનિવાર્ય છે. શરીર અને આત્માની સમતુલા જાળવી બન્નેના વિકાસ માટે તત્પર રહેવું તે યથાર્થ સાધના છે.

આ સાધના પદ્ધતિમાં ગુરુપ્રથા નથી. કંઠી કે માળા કે માદળિયા નથી. સર્વ સંબંધો એક પિતા પરમાત્મા સાથે સ્થાપિત કરવાના છે. પરમાત્મા સાથે જ પિતા, શિક્ષક અને સદ્‌ગુરુનો નાતો નિભાવવાનો છે એટલે મૂર્તિ કે દેહધારીના બંધન કે પ્રભાવથી મુક્ત રહી આત્માના ઓજસને પ્રગટાવવાના છે. રાજયોગ શિક્ષિકા જે શીખવે તે મનમત નહીં પણ શ્રીમત આધારિત છે. સૌથી મહાન વાત એ છે કે ઈશ્વરીય જ્ઞાન, સહજ રાજયોગમાં એકસૂત્રતા છે. સર્વસ્થાને સમાનતા છે. દેશ કે વિદેશમાં ગમે ત્યાં જાઓ પણ જ્ઞાનના અર્થઘટનમાં ભિન્નતા નથી. સાધક શ્રીમત, ઈશ્વરીય મર્યાદાઓ મુજબ જીવન શૈલી સ્વીકારી તેને ગમે તે ભોગે દૃઢ મનોબળથી જાળવી રાખી સતત ઊર્ધ્વગામી પથની ઉચ્ચ મંઝિલે નિષ્ઠાપૂર્વક પહોંચાડવાનો સહૃદય પુરુષાર્થ કરે, તો આ સાધના પદ્ધતિ તેના માટે અમોઘ શસ્ત્ર બળ કે કવચ બને છે. જેટલો પુરુષાર્થ તેટલી પ્રાપ્તિ. આ માર્ગે ચાલી રહ્યા છે તેઓનો અનુભવ પ્રેરકભાથું બને છે.

### સાધન

આજે આપણે એકવીસમી સદીમાં જીવી રહ્યાં છીએ. જ્યાં વૈવિધ્યસભર વૈજ્ઞાનિક શોધોએ જીવનને ભિન્ન ભિન્ન પ્રકારની સુવિધાઓથી સંપન્ન બનાવી દીધું છે. વિશ્વમાં જોવા મળતી

ભૌતિકતાનો પ્રભાવ સૌના ઉપર પડે છે. સાધના પણ તેનાથી બાકાત નથી. આમ છતાં પહેલાં આજના જેવાં સાધનો ઉપલબ્ધ નહોતાં ત્યારે પગપાળા ચાલીને અનેક સંતો, ધર્મસ્થાપકો, શંકરાચાર્યએ ધર્મના પ્રચાર અને પ્રસારનું કાર્ય કર્યું હતું. આજના યુગમાં પણ જૈન સાધુઓ પગપાળા ચાલીને ભૌતિક સાધનોનો બને તેટલો ઉપયોગ ટાળીને પોતાની સાધના કરે છે.

સાધના સાથે સાધન શબ્દ જોડાયેલો છે. સાધ્ય શુદ્ધિ માટે સાધન શુદ્ધિ અનિવાર્ય છે. સાધના દ્વારા જે સિદ્ધ કરવાનું છે તે સાધ્ય છે. સાધ્ય ઉચ્ચ મહાન, શ્રેષ્ઠ હોય તે સ્વાભાવિક છે. આ ધ્યેયને સાકાર કરવા ઉપયોગમાં લેવાતાં સાધનો પણ એટલા જ શુદ્ધ પવિત્ર હોય તે અપેક્ષિત છે. પ્રજાપિતા બ્રહ્માએ બ્રહ્માકુમારી સંસ્થાની સ્થાપના વખતે, સાધનોના ઉપયોગના ઉચ્ચ માપદંડોને સ્વીકાર્યા હતા. આ ઉચ્ચ મૂલ્યો, માપદંડો જેના પાયામાં હોય તે સંસ્થા મજબૂત, સુરક્ષિત બને તે સ્વાભાવિક છે.

રાજયોગની સાધના પદ્ધતિ સાધકની જાગૃતિ, સજ્જતા અને પરમાત્મા પ્રત્યેની પૂર્ણ શ્રદ્ધા જરૂરી છે. સમગ્ર પ્રક્રિયા માનસિક છે. શારીરિક ક્રિયા નથી. મનમાં ઉઠતા હકારાત્મક, શક્તિશાળી, કલ્યાણકારી વિચારો તે તેની મૂડી છે. મનને યોગ્ય દિશા મળી રહે તે માટે બુદ્ધિએ સજાગ સંત્રી બનીને કાર્ય કરવાનું છે. વિકારો રૂપી દુશ્મનના ઘૂસણખોરો નવાં નવાં રૂપ સજીને મનને વિચલિત ન કરે તે જોવાનું છે.

પ્રારંભિક તબક્કામાં રાજયોગ શિક્ષિકા યોગ કરાવે ત્યારે તેમની ભ્રૂકુટિ વચ્ચે આત્મા નિશ્ચય કરીને ખુલ્લી આંખે મનને એકાગ્ર કરી યોગ કરવાનો છે. પ્રારંભિક અવસ્થા જ્ઞાનના મનન, ચિંતનથી થાય છે. ભિન્ન ભિન્ન ગુણો, શક્તિઓની અનુભૂતિ કરવા માટે સજ્જ બનવાનું છે. તે માટે સંદલી ઉપર બિરાજિત રાજયોગ શિક્ષિકા, વાતાવરણને પ્રભાવશાળી બનાવવા ધૂપસળી પ્રગટાવવી, પરમાત્માની યાદ અપાવતું કાસ્કેટ, પરમધામની ભાસના કરાવતી લાલ લાઈટ અને મનને એકાગ્ર થવામાં ઉપયોગી ટેપ દ્વારા સાંભળવા મળતાં ઈશ્વરીય જ્ઞાન સંબંધી ગીતો માત્ર આટલું જ રાજયોગની સાધનામાં સાધન સ્વરૂપે પ્રયોજવામાં આવે છે.

જ્ઞાનની વિસ્તૃત, ગહન સમજ માટે આજે તો ઈન્ફોર્મેશન ટેકનોલોજી, સંચાર ક્રાંતિ વગેરેનો લાભ લેવાય છે. ઈલેક્ટ્રોનિક મીડિયાનાં ઉપકરણો પણ પ્રભાવશાળી બન્યાં છે. પહેલાં ત્રણ પૈર પૃથ્વી માટે સંઘર્ષ કરવો પડતો હતો આજે વિશાળ, અદ્‌ભુત અનેક સાધન સુવિધાઓથી પૂર્ણ સ્વયંની માલિકીનાં ભવનો શક્ય, સરળ બન્યાં છે. અદ્યતન વાહનો, સંચાર સાધનો, ઈલેક્ટ્રોનિક ઉપકરણો રોજની જરૂરિયાત બન્યાં છે.

જે સહજ રીતે મળે તેનો નિરાસક્તભાવે, ટ્રસ્ટી બનીને ઉપયોગ કરવો તેમાં કાંઈ ખોટું નથી. આ અંગે કવિ રહીમજીએ કહેલો આ દોહો પ્રેરણાદાયી છે.

'सहज मिले सो दूध सम, माँगा मिले सो पानी,
कह रहीम वह रक्त सम, जिसमें खींचा तानी'

અર્થાત્ જે સહજ રીતે (સ્વાભાવિક રીતે) મળે તે દૂધ સમાન છે. માંગવાથી મળે તે પાણી સમાન છે. પણ જેને મેળવવા માટે ખેંચતાણ કરવી પડે તે લોહી સમાન છે.

આ દોહો આપણને ઘણું શીખવી જાય છે. સાધનાની ફલશ્રુતિરૂપે, પ્રારબ્ધ રૂપે આપણને ભૌતિક સાધનો, આર્થિક સાધનો, માન-શાન, પદ પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિ, વિશાળ ભવનો વગેરે તો

મળવાનાં છે. પણ કર્મની ગુહ્યગતિ અનુસાર તેના ઉપયોગ અંગે આત્માએ સ્વયં વિવેક જાગૃત કરીને નિર્ણય લેવાનો છે. આવા સમયે માત્ર શ્રીમતની લક્ષ્મણરેખા જ સાધકરૂપી સીતાને સુરક્ષિત રાખી શકે છે.

મનુષ્ય જેનો વારંવાર ઉપયોગ કરે તે તેની આદત બની જાય છે. આવશ્યકતા બની જાય છે ત્યારે આપણી વહારે આવે છે. આપણાં પ્રેરણામૂર્તિ દાદીઓ, જનકવિદેહીની અવસ્થામાં રહીને તેઓ જે કાર્ય કરે છે તે આપણા માટે આદર્શ છે. પૂર્વ મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી જાનકીજીએ કહેલા શબ્દો યાદ આવે છે. 'ગરીબમાં ગરીબ માણસની જરૂરિયાતો હોય તેટલી જ મારી છે.'

આજના ભૌતિક સાધનોના ભરમાળવાળા યુગમાં દાદીજીના શબ્દો હૃદયને સ્પર્શી ગયા. કેટલા ઉચ્ચ આસને બિરાજવા છતાં કેટલી નમ્રતા! કેટલી સાદગી! કેટલી સરળતા! ફરિસ્તા સમાન જનકવિદેહીની સ્થિતિ! આ છે સાધના અને સાધનાની કેડીએ જોડાવાની પ્રેરણા. આ અંગે વિચારસાગર મંથન કરીએ. આજે વીજળીના, ડિઝલ, પેટ્રોલના ઉપયોગથી ચાલતા સાધનો તેના અભાવે બંધ થઈ જશે તો મારી સ્થિતિ કેવી હશે?

પ્રાકૃતિક આપદાઓ, વિકટ પરિસ્થિતિમાં મારી માનસિક સ્થિતિ કેવી હશે? મારી એટલી નિર્માણ, નિરાસક્ત સ્થિતિ છે કે આ સૌ વિના હું સહજ રીતે જીવી શકીશ? અનેક સુવિધાઓ પૂર્ણ જીવનશૈલીમાં ખલેલ પડે, તેનાથી વંચિત રહેવાનું બને તો હું એકરસ સ્થિતિમાં રહી શકીશ? જો તેનો ઉત્તર હા માં છે તો સાધનાની સફળતા છે.

પરમાત્મા આપણને સાધના દ્વારા સર્વ પ્રકારની પરિસ્થિતિઓમાં અચલ, અડોલ બનાવવાની, નષ્ટોમોહા બનાવવાની તાલીમ આપી રહ્યા છે. માત્ર ગહન શક્તિશાળી તપસ્યા જ આપણી મૂડી છે. ભિન્ન ભિન્ન પ્રકારના હોદ્દાઓ પ્રસિદ્ધિ, માનશાન અપાવશે જ્યારે શક્તિશાળી, ગહન તપસ્યા જ કટોકટીમાં આપણા માટે કવચ બનશે. માટે જેના ટ્રસ્ટી છીએ તેના ઉપર સૂક્ષ્મમાં પણ માલિકીભાવ ન જન્મે જ્યાં વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના છે ત્યાં દેહ અને દેહના સંબંધો મારે માટે સોનાની જંજીર ન બને. જે ધરા પર આત્મા ખાલી હાથે આવ્યો હતો અને માત્ર્ કર્મોના સંસ્કાર સિવાય ખાલી હાથે જ જવાનું છે ત્યાં હદનાં સ્થાનો માટે, વૈભવો માટે, સત્તા માટે, મનમાં પ્રપંચ ન જાગે તેટલી જાગૃતિ અપેક્ષિત છે. આમ સાધનોનો વિવેકપૂર્વક ઉપયોગ થાય. તેનામાં અસક્તિ ન જન્મે તે સૌ વિના પણ સ્વસ્થ, પ્રસન્ન રીતે જીવી શકાય તેવી અવસ્થા યોગની હોવી જોઈએ.

## સિદ્ધિ

સાધના શબ્દમાં જ સિદ્ધિ સમાયેલી છે. મહદ્ અંશે લોકો ચમત્કારોને સિદ્ધિ માને છે. ચમત્કાર વિના નમસ્કાર નહીં તેવી માન્યતા છે. પણ આગ, પાણી ઉપર ચાલવું, જમીનમાં દટાઈ રહેવું, જાદુગરની જેમ ભસ્મ, ફૂલ કે કોઈ વસ્તુઓ હાજર કરી દેવી આ સૌ ચમત્કારો અર્થહીન છે. આવી અલ્પકાલીન સિદ્ધિઓ માટે જિંદગીના મહામોલાં વર્ષો વેડફી ન દેવાય. સિદ્ધિ તો એનું નામ કે જે રોગ, શોક, દુઃખ, અશાંતિથી મુક્ત કરી સુખ, શાંતિ અને દિવ્યાનંદની અનુભૂતિ કરાવે. રાજયોગ દ્વારા અષ્ટશક્તિઓની પ્રાપ્તિ થાય છે. તે તો સૌ જાણે છે આ અષ્ટશક્તિઓની સિદ્ધિ જીવનમાં અતીન્દ્રિય સુખની અનુભૂતિ કરાવી સ્વસ્થ, પ્રસન્ન, અચલ, અડોલ અવસ્થામાં રાખે છે. સંગમયુગમાં પરમાત્મ પાલન, પરમાત્મ પ્રેમની અનુભૂતિ કરી ઈશ્વરીય મહાવાક્યો સાંભળવાની, ગોપગોપીઓની જેમ અતીન્દ્રિય સુખની અનુભૂતિ

કરવાની તક મળે છે. આ સૌથી મોટી સિદ્ધિ છે. સાધના જીતેન્દ્રિય બનાવે છે. કર્મેન્દ્રિયો ઉપર આત્માનું પ્રભુત્વ સ્થાપિત કરે છે. વિકારો વ્યસનો, દુર્વૃત્તિઓને દેશવટો આપીને જીવન ઉદ્યાન દિવ્યગુણોના ગુલદસ્તાથી મહેંકતો કરી દે છે. મૃત્યુને પણ સ્વાભાવિક પ્રક્રિયા, સૃષ્ટિનાટકનો પાર્ટ સમજી શોકથી અલિપ્ત રહી સાક્ષી, દૃષ્ટાની સ્થિતિ અનુભવે છે. દેહની નશ્વરતા અને આત્માની અમરતાની તે અનુભૂતિ કરે છે. યોગી કર્મમાં કુશળતા કેળવે છે. તીવ્રગતિએ તેના વિકૃત સંસ્કારોનું દિવ્યગુણોમાં પરિવર્તન થાય છે. નિંદા, સ્તુતિ, માન-અપમાન, જય-પરાજય, લાભ-હાનિથી વિચલિત થતો નથી પણ સ્થિતપ્રજ્ઞની અવસ્થામાં રહે છે. સૃષ્ટિચક્રને કલ્યાણકારી સમજીને સકારાત્મક, વિશ્વકલ્યાણકારી વિચારો કરી જીવનને ધન્ય સમજે છે.

જીવન મૂલ્યોને ધારણ કરવા તે સાધનાની સિદ્ધિ છે. શ્રેષ્ઠ ચારિત્ર્ય, નૈતિક મૂલ્યોની ધારણા દ્વારા જીવનને અનેક ગુણો, શક્તિઓ અને વિશેષતાઓથી તે સંપન્ન બને છે. જ્ઞાનમાર્ગમાં આવ્યા પછી ગુણો ઉદય પામે છે, વિકસિત થાય છે. એવા કેટલાયે બ્રહ્માવત્સોનો અનુભવ છે કે પરમાત્માએ આત્માઓમાં અનેક આવડતો, વિશેષતાઓ, કલાઓ ભરી છે. કેટલીયે અલ્પ શિક્ષિત મહિલાઓ હિન્દી ભાષા વાંચતી, સમજતી થઈ છે. આ સર્વ શ્રેષ્ઠ જ્ઞાન, શ્રેષ્ઠ સંગનો પ્રતાપ છે.

પારસના સંગે રહેવાથી લોખંડ પણ પારસ બને છે. તમોપ્રધાન આત્મા ઈશ્વરીય યાદ અને ઈશ્વરીય પરિવારના સતત સંગથી સતોપ્રધાન બને છે. તેની જીવનશૈલીમાં અદ્‌ભુત પરિવર્તન આવે છે. વિદેશોના બ્રહ્માવત્સોની જીવનશૈલી, ધર્મ, આહાર-વિહાર વગેરેમાં ભિન્નતા હોવા છતાં રાજયોગની સાધના પદ્ધતિ તેઓમાં પણ અદ્‌ભુત પરિવર્તન આણી રુહાની રંગના સંગમાં રંગાઈ જવાનું બળ આપે છે. નિશ્ચય બુદ્ધિ બની તેઓ ઈશ્વરીય સેવા પણ કરે છે.

સાધના ત્યાગ, સમર્પણ કરાવે છે જીવનમાં તન, મન, ધન, સમય, સંકલ્પ, શ્વાસ અને સંબંધોને ઈશ્વરીય રાહે વાળી તેને સફળ કરે છે. કારણ કે આ સૌના ઉત્તમ ઉપયોગનું સ્થાન તેમને મળી જાય છે. આવી પરખશક્તિ, નિર્ણય શક્તિ રાજયોગના સાધકોમાં આવે છે.

સાધનાની શક્તિ, બ્રહ્માપિતાની જેમ સંપૂર્ણ કર્માતીત બનાવવામાં આવે છે. નિરાકારી, નિર્વિકારી, નિરહંકારી સ્થિતિ ધારણ કરવામાં છે. સિદ્ધિ સ્વરૂપ સાધક યોગના વિભિન્ન પ્રયોગ દ્વારા, યોગદાન દ્વારા આત્માઓનું ઉત્થાન કરે છે. પ્રેરણા આપે છે. રાજયોગી જીવન જીવવા તૈયાર કરે છે. જે સિદ્ધિ સ્વરૂપ સાધક છે તેના મન, વાણી અને કર્મની એકરૂપતા અનેક આત્માઓને પ્રભાવિત કરી દિવ્યજીવન જીવવાનું બળ આપે છે.

પરમાત્મા રાજયોગ દ્વારા આત્માનો મેલ ધોઈ શરીરના રોગોમાં પણ રાહત આપે છે. 70 થી 80 વર્ષની વય વટાવ્યા છતાં આવા યોગીઓ સ્ફુર્તિથી અનેક આત્માઓની જ્યોતિ જગાવવાનું કાર્ય કરે છે. તે રાજયોગ, ઈશ્વરીય જ્ઞાનની અદ્‌ભુત સિદ્ધિ છે. રાજયોગની સિદ્ધિ સંગમયુગમાં પણ સુખ, શાંતિ, સમૃદ્ધિ આપે છે. સંગમના એક જન્મ ઉપરાંત સતયુગના આઠ અને ત્રેતાયુગના બાર જન્મ સુધી દેવત્વનાં સુખો આપી કલ્પના સૌથી વધારે સમય માટે સુખની અનુભૂતિ કરાવે છે.

શિક્ષક શાળા-કોલેજમાં એક સરખું ભણાવે છે પણ કોઈ પોતાના ભગીરથ પુરુષાર્થથી વિશેષ યોગ્યતા શ્રેણી, પ્રથમ વર્ગ, દ્વિતીય વર્ગ અને પાસ

**(અનુસંધાન પેજ નં. 12 પર)**

## અમૃતધારા

# ગૃહસ્થમાં રહીને યોગી બનીએ

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



બાબા (પરમપિતા શિવ પરમાત્મા) જે કંઈ સંભળાવે છે એના સારનો વિચાર કરો એ સારમાં શક્તિ છે. યોગ કરતાં પહેલાં જ્ઞાનને સારરૂપે સમજો. જ્ઞાન આપણી બુદ્ધિને સ્વચ્છ કરે છે. બુદ્ધિમાં જ્ઞાનનું મંથન હોય, સંસારી વાતો વિચારવાની ટેવ ન હોય. જ્ઞાન કહે છે કે તમે શું વિચારો છો તે જુઓ. કાર્ય પૂરું થતાં જ બાબાને યાદ કરવાનો પુરુષાર્થ હોય. તે માટે બાબાનું પહેલું ફરમાન છે, દેહથી ન્યારા બનો. જડ ના બની જાઓ. પણ સદા બુદ્ધિમાં એ રાખો કે હું આત્મા ચૈતન્ય છું. પ્રકૃતિ (શરીર)નો માલિક છું. દેહઅભિમાને સત્યતાને છુપાવી દીધી. આત્મ અભિમાની બનવાથી આત્મામાં જે સત્યતા છે. શાંતિ છે તે ઈમર્જ થાય છે. પહેલાં આત્મા કર્મેન્દ્રિયોને વશ બનીને કામ કરતો રહ્યો. મન ભટકતું રહ્યું. જ્યારે આત્માનું જ્ઞાન મળ્યું છે, તો મનને સમજાવો. સમજણથી જ્ઞાનનો ઉપયોગ કરો. મનને પિતા પરમાત્માની યાદમાં જોડવાની કોશિશ કરો. બુદ્ધિને બીજી સર્વ વાતોથી ફ્રી બનાવી દો. જ્યાં સુધી બુદ્ધિ ફ્રી બનીને આત્મ-અભિમાની નથી બનતી ત્યાં સુધી પિતા પરમાત્માને યાદ કરી શકતા નથી. આત્મા શરીરના સંબંધીઓમાં એટલો વ્યસ્ત છે કે તેને પરમાત્માને યાદ કરવાની ફુરસદ નથી. એક ઘડી પણ એકાંતમાં બેસીને આત્મસ્થિતિમાં રહેવાનો અભ્યાસ કરો તો નકામા વિચારો સમાપ્ત થઈ જશે. જે વિચારો કરવા જેવા છે, તેવા જ વિચારો આવશે. યોગ માટે કર્મને છોડવાનું ફરમાન મળ્યું નથી. એમ પણ નહીં કહેતાં કે ગૃહસ્થી છોડવાની છે. પરંતુ એક છે યોગી. બીજા છે ભોગી. ભોગી તનના, મનના રોગી હશે. પરમાત્મા કહે છે કે તમે ગૃહસ્થમાં રહીને યોગી બનો. ગૃહસ્થી અર્થાત્ પ્રવૃત્તિ, બાળકો એમને સંભાળવાની જવાબદારી છે. પૂર્વજન્મના હિસાબકિતાબથી સંબંધ જોડાયેલો છે. તેઓને નિભાવવાનાં છે. પરમાત્મા સાથે પૂરો સંબંધ જોડવાનો છે. ભક્તિમાર્ગમાં ભગવાનને નામ માત્રથી પ્રેમ કરતા જ્યારે દુનિયાને દિલથી પ્રેમ કરતા. હવે તે ટેવ ચાલી ગઈ. સાચા દિલથી પરમપિતા પરમાત્માને યાદ કરો.

જ્ઞાનને વિસ્તારથી યાદ રાખો, સ્મરણ કરો. જ્ઞાનનું સ્પષ્ટ મનન ચિંતન નહીં હોય, તો યોગ લાગશે નહીં. પછી બુદ્ધિ ભટકશે યા યોગ વખતે ઝોકાં આવશે. જે સારી રીતે મનન ચિંતન કરીને યોગમાં બેસે છે તેને ક્યારેય ઝોકાં આવશે નહીં. મારું કોઈ છે નહીં, હું કોઈનો નથી. હું આત્મા આવ્યો હતો એકલો અને જવાનું પણ છે એકલાં. હવે ઘેર-પરમધામ જવાનું છે. એ વાત સારી રીતે યાદ રહે. જે રીતે શરીર અને આત્મા એક સાંકળમાં જોડાયેલાં છે તે રીતે પરમાત્મા સાથે આત્મા જોડાયેલો રહે. યાદ રહે મારા તો એક શિવબાબા, વિદેહી પરમાત્મા આપણને વિદેહી બનવાની શક્તિ આપે છે. યોગ કઈ રીતે કરીએ એ પ્રશ્ન ત્યારે જ ઉદ્દ્ભવે છે જ્યારે બુદ્ધિ અનેક વાતોમાં ભટકતી રહે છે. બુદ્ધિને ભટકવામાંથી છોડાવો. એકાગ્ર થઈને બેસો. પહેલાં હું આત્મા છું

તે પાક્કુ કરો. બીજા કોઈ સંકલ્પ ઉત્પન્ન કરવાની જરૂર નથી. એકાગ્રતાની શક્તિથી બુદ્ધિનું ભટકવું બંધ થઈ જશે. એકાગ્રચિત્ત, શાંતચિત્ત થઈને યોગાભ્યાસ માટે બેસો. મનમાં બીજી કોઈ વાત ન રહે તો બાબાની ઘણી જ મદદ મળે છે એક પ્રેમથી યાદ કરે છે, તો બીજાને તેની યાદ પહોંચે છે. જે સોય ઉપરથી કાટ ઊતરી ગયો છે તે સોયને લોહચુંબક તરત જ પોતાની તરફ ખેંચી લે છે. તેથી જ્ઞાનના કેરોસીનથી આત્માને લાગેલો વિકારો રૂપી કાટ ઉતારો, દૂર કરો. જ્ઞાન સ્નાન રોજ કરો. જો રોજ જ્ઞાન સ્નાન નહીં કરશો તો આત્માનો વિકારોરૂપી કાટ કઈ રીતે ઊતરશે? જો કાટ નહીં ઉતરે, તો યોગ કઈ રીતે લાગશે? જ્યારે આત્મા સાફ-સ્વચ્છ બની જાય છે ત્યારે બુદ્ધિ પરમાત્માની યાદમાં સ્વાભાવિક રીતે જોડાઈ જાય છે. બુદ્ધિને ઠેકાણું અવશ્ય જોઈએ. મારે પિતા પરમાત્માને યાદ કરીને મારો સમય સફળ કરવો છે. પરમાત્માની યાદનું ખેંચાણ આપણને સ્વચ્છ, પવિત્ર બનાવે છે.

સદા યાદ રાખો કે મારા શિરે અનેક જન્મોના પાપોનો બોજ છે. દેવાદારને શું ક્યારેય શાંતિ હોય છે? પાપકર્મોનો બોજ છે તો યોગ કઈ રીતે લાગશે? કેટલાંકને યોગમાં રડવું આવે છે. કારણ કે બહુ પાપ કરેલાં છે. શિરે બોજો છે. ખુશીની વાતો સાંભળવા છતાં ખુશી આવતી નથી વાત કરતાં કરતાં રડવું આવી જાય છે. વાત કંઈ નહીં હોય, પણ તરત જ રડવું આવી જશે. ઘણા સમયથી રડવાની જે ટેવ પડી ગઈ છે તેથી વાત કરતાં કરતાં રડી પડશે. કોઈ બીમારીની અસર થશે, તો બધી બીમારીઓ યાદ આવી જશે. ગયા જન્મમાં જ્યાં આપણું મૃત્યુ થયું હતું ત્યાં લોકો રડ્યા પણ જ્યાં આપણે જન્મ લીધો ત્યાંના લોકો ખુશ થયા. તેથી આ પાગલપણાની દુનિયામાં આપણે પાગલ શા માટે બનીએ? જ્યારે કોઈ રડે છે તો પાગલ લાગે છે કોઈ બાળક થોડું બીમાર પડ્યું હશે, તો માબાપનો ચહેરો જોઈશું તો જાણે તેઓ ઘણાં બીમાર હોય તેવું લાગે છે. આ છે દુઃખ આપવાની ટેવ. બાબાએ કહ્યું છે કે બાળકો, આ દુઃખમય સંસારમાંથી પોતાની જાતને ફ્રી કરો. સંસારમાંથી નીકળી જશો નહીં, પણ દુઃખ આપનાર સંસારને હૃદયથી ત્યજી દો. દુઃખ આપશો નહીં અને દુઃખ લેશો નહીં. કોઈ દુઃખ આપનાર આવી જાય, તો શું કરશો? પરીક્ષા લેવા કેટલાયે આવે છે. પણ હું એવા શોપીંગ સેન્ટર પર નથી જતી. (અર્થાત્ હું દુઃખ સ્વીકારતી નથી.) મારે દુઃખ લેવું જ નથી. તમે ગમે તેટલું દુઃખ આપો, પણ અમે તે નહીં લઈએ. પરીક્ષા થાય પણ દુઃખ અંદર જવું જોઈએ નહીં. ભક્તિમાં કહેતા હતા આત્મા નિર્લેપ છે. પરંતુ પોતાની સ્થિતિ એવી બનાવો. બાબાના પ્રેમમાં મગ્ન બનીને રહો તો તે ખેલ, તમાશો લાગશે. બાબાએ ડ્રામાનું જ્ઞાન આપ્યું છે કે સૌ એક સરખો પાર્ટ તો બજાવશે નહીં. તમારે સારો પાર્ટ બજાવવાનો છે તમે પરચિંતન છોડીને ઈશ્વરીય ચિંતન, સ્વચિંતનમાં રહો. જે સદા એ લગનમાં મગ્ન રહેનારા છે તેઓને ગમે તેટલો કામ ધંધો હોય પણ એમના ચહેરા પર ચિંતાનો, દુઃખનો ભાવ આવશે નહીં. જાણે છે કે ફરજ એટલે ફરજ માટે બનવાનું છે પવિત્ર.

સાચો યોગી એ છે જે ટ્રસ્ટી છે. સમર્પણ પણ સંપૂર્ણ. મારું કંઈ છે જ નહીં. મેં બાબાને જોયા. એવા ટ્રસ્ટી કે બાળકોને સંભાળતા, સર્વ કાંઈ કરતા પણ પૂરા પ્રામાણિક ભગવાન સાથે ઈમાનદાર અને માણસો સાથે પણ ઈમાનદાર. જે ઈમાનદારીથી ભગવાનને યાદ કરે તેના ઉપર ભગવાન બલિહાર જાય છે. દુનિયા પણ સમજે છે કે આ ઈમાનદાર છે. યોગી એટલે ઈમાનદાર, મોહજીત. અનાસક્ત વૃત્તિવાળો, કોઈ ઈચ્છા ન રહે. ॥**ઓમશાંતિ**॥

# અચાનક અને એવરરેડી

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ



જ્યારથી બાબાએ (પરમપિતા શિવ પરમાત્મા) અચાનક અને એવરરેડી શબ્દ કહ્યા છે ત્યારથી આપ જોશો કે જે અંગે કદી વિચાર્યું ના હોય તેવા સમાચારો સાંભળવા મળે છે. જેમ જેમ સમય વીતતો જશે તેમ તેમ અચાનક ઘટનાઓના સમાચાર સાંભળવા મળશે. બાબાએ ઉપરના શબ્દો કહ્યા છે ત્યારથી અચાનક ઘટનાઓ ઈશ્વરીય પરિવારમાં જોવા મળે છે. હાલત પણ નાજુક બની રહી છે. બાબાએ કહ્યું છે કે સર્વ અતિમાં જશે. તે પ્રમાણે થઈ રહ્યું છે. બીમારીઓ પણ અતિમાં જઈ રહી છે. પ્રકૃતિની હલચલ પણ અતિમાં જઈ રહી છે.

સંસારમાં આત્માઓની વૃત્તિ, દૃષ્ટિ એકદમ પતન કહી શકાય તેવી વિકારી બની રહી છે. ક્રોધ, લોભ, ભ્રષ્ટાચારોની ઘટનાઓની લાઈન પણ ઘણી લાંબી થઈ રહી છે. અખબારોમાં રોજ નવા નવા નેતાઓનાં નામ આવે છે. એક ઘટના પૂરી થતાં જ બીજી બે ઘટનાઓ બને છે. આવું બધું સાંભળતાં વિચાર ચાલે છે કે વિદેશોવાળા શું સમજશે. ભારત આવો દેશ છે. પણ આપણે સમજીએ છીએ કે ભારતમાં જ સર્વ અતિમાં જવાનું છે, ભારત જેટલો ઊંચો હતો તેટલું જ તેનું પતન થાય છે. કોઈ તંગ થઈ જાય છે ત્યારે શું કરે છે? જ્યારે ઘણું કામ હોય છે. ઘણા વ્યસ્ત રહે છે. તો બોજ લાગે છે અને ચીડિયાપણું આવી જાય છે. ભલે કોઈ ક્રોધ નહીં કરે પણ ક્રોધનો અંશ જે ચીડિયાપણું છે તે જરૂર કરશે. તો પ્રકૃતિ પણ ચિડાઈ ગઈ છે. કોઈને કોઈ અવળું કામ કરે છે. આ રીતે દુનિયાની દરેક પ્રકારની હાલત જોઈએ તો તે અતિમાં જઈ રહી છે. અતિમાં જવાની નિશાની એ સૂચિત કરે છે કે અંત નજીક છે. દુનિયાના લોકો હલચલમાં આવીને કહેશે આ શું થવા બેઠું છે. આપણે કહીશું 'નથિંગ ન્યુ' (કંઈ નવું નથી) આ હાલત જોઈને લાગે છે કે 'એવરરેડી' (સદા તૈયાર) બનવું ઘણું જરૂરી છે.

આજે તો પ્રકૃતિની, માયાની, લોકોની કંઈ જ ખબર પડતી નથી. પણ આવા સમયમાં આપણે શું કરવાનું છે? આજના વી.આઈ.પી.ઓ માટે આગળ, પાછળ સુરક્ષા રખાય છે. તો બ્રહ્મા-વત્સોની સુરક્ષા કઈ છે? આપ સૌ લાઈટના કાર્બની અંદર રહો. શરીરની ચારે બાજુ જાણે પ્રકાશ જ પ્રકાશ હોય, એ કાર્બની અંદર આપણે રહીએ. શરૂ શરૂમાં બાબા આપણને દૃશ્ય બતાવતા હતા કે લોકો કીચકના રૂપમાં પાછળ પડશે. અશુદ્ધ વૃત્તિવાળા લોકો આવશે. પરંતુ આપણી યોગની સ્થિત એવી હોય જેથી એમને આપણું શરીર દેખાય જ નહી. એમાં પ્રકાશ જ પ્રકાશ દેખાય. તો એની વૃત્તિ, દૃષ્ટિ સ્વયં જ બદલાઈ જશે.

આ માટે અશરીરી અવસ્થા એવી હોય જેથી શરીરભાન એકદમ અદૃશ્ય થઈ જાય. એ માટે વિશેષ અભ્યાસની જરૂર છે. અભ્યાસ એવો હોય કે એકદમ બેસીએ અને અશરીરી બની જઈએ. અંત સમયમાં આપણે અભ્યાસ કરીએ કે હું આત્મા છું. હું આત્મા છું તો યોદ્ધા બની જઈશું. પછી સૂર્યવંશી (સોળે કળાએ સંપૂર્ણ) કઈ રીતે બનીશું? એટલે અભ્યાસ તો અત્યારથી જ

કરવાનો છે. અંતમાં પરિસ્થિતિ અનુસાર અશરીરી બનવાનો અભ્યાસ ઘણો જ જરૂરી છે. આપણે જોયું છે કે જ્યારે કોઈ વિનાસકારી ઘટના બને છે તો યોગ કરીએ છીએ અને કહીએ છીએ કે હવે તો બાબા અમારા રક્ષક આપજ છો. હવે એ સમયે બાબા કહેવાથી શું થશે? બાબા જાણે છે કે આમ તો મને પૂછતા પણ નથી. યાદ કરતા પણ નથી. જ્યારે સમય આવે છે ત્યારે ફરિયાદી બનીને આવે છે. તો ફરિયાદ તો યોગ નથી. પછી બાબાની મદદ કઈ રીતે મળશે? એટલા માટે જે ભઠ્ઠીઓ (યોગ તપસ્યા) થઈ રહી છે તે ઘણી જ જરૂરી છે. આપણે સતત અશરીરી બનવાનો અભ્યાસ કરતા રહીએ. કાર્યક્રમ પ્રમાણે વર્તવાથી તેની લીફ્ટ મળે છે. મદદ મળે છે. જેનાથી પ્રાપ્તિ સહજ રીતે થાય છે. પણ જ્યાં સુધી આપણા મનમાં ઉમંગ નહીં હોય, તો તે અવસ્થા અવિનાશી નહીં રહે. મનમાં એકદમ તપસ્યાની વાત સ્પર્શી જાય. જેમ દુઃખ કે સુખની કોઈ વાત દિલને સ્પર્શી જાય છે. તો તે ભૂલાવવી મુશ્કેલ બની જાય છે. કોઈને કોઈ શરીર છોડે છે, તો દિલને સ્પર્શી જાય છે તો દિલથી અશરીરી બનવાની ભાવના નહીં પ્રગટે ત્યાં સુધી તપસ્યા મહેનત લાગશે.

કેટલાક સમજે છે કે આપણે સેવા તો ઘણી કરીએ છીએ. જવાબદારીઓ પણ નિભાવીએ છીએ. પણ એમાં શું મોટી વાત છે? એક ફેક્ટરીનો ડાયરેક્ટર હજારો લોકોનું નિયમન કરીને ફેક્ટરી ચલાવે છે. તે તો પોતાની જવાબદારીઓ નિભાવે છે. તેથી આપ જ્ઞાનીઓએ પણ આપની ડ્યુટી સારી રીતે બજાવી તો તેમાં શું મોટી વાત છે? આપણામાં અને એમનામાં શું અંતર છે? આપણે ડબલ કામ કરીએ છીએ. આપણું આધ્યાત્મિક વાયબ્રેશન પણ વાયુમંડળમાં ફેલાય છે અને બીજું કર્મનું પણ બળ મળે છે. તે આપણી નવીનતા છે. ભક્તિમાર્ગમાં થોડો ઘણો સહયોગ મળે છે પરંતુ સર્વ તો ભક્ત નથી. છતાં કામ તો કરે છે, ડ્યુટી તો સંભાળે છે. આઠ આઠ કલાક કામ કરે છે. કેટલાક ઓવરટાઈમ કરે છે. રાતે પણ કામ કરે છે. તે એમાં શું મોટી વાત થઈ? અહીં તો બાબાની ગુપ્ત મદદથી સર્વ કારોબાર ચાલી રહ્યો છે. બાબા બુદ્ધિવાનોની પણ બુદ્ધિ છે તેથી બુદ્ધિને ટચ કરીને નિમિત્ત બનાવે છે. છે તો બાબાની કમાલ. વચ્ચે આપણું પણ ભાગ્ય બને છે. પરંતુ કરાવનહાર તો બાબા છે ને! મહેનત બાબા સ્વયં કરે છે અને ફળ આપણને આપે છે. તો બાબાની આપણ સર્વને એકસ્ટ્રા મદદ મળે છે તો આપણો પુરુષાર્થ પણ એકસ્ટ્રા થવો જોઈએ. સાધારણ નહીં.

વર્તમાન સમયના હિસાબે દુનિયા ખરાબ થતી લાગે છે. શહેરોમાં એટલું પ્રદૂષણ વધી રહ્યું છે કે સરકાર પણ સમજી શકતી નથી. અત્યારે આટલું છે તો બે ચાર વર્ષ પછી કેટલું થશે? પણ શું થવાનું છે તે આપણે જાણીએ છીએ. પરિવર્તન થવાનું જ છે. તો અચાનક બાબા એટલા માટે બતાવી રહ્યા છે કે સૌ એવરરેડી રહે. ક્યારેય પણ કંઈક બની શકે છે. આપણે સ્વપ્ને પણ નહીં વિચાર્યું હોય તેવું ગમે તે અચાનક બની શકે છે. એટલે બાબા કહે છે કે સમય અનુસાર આપ સૌ એવરરેડી બનો. જે થવાનું છે તેની તારીખ નક્કી નથી. જ્યોતિષીઓ ભલે તારીખ બતાવે પણ બાબાએ તો બતાવી નથી.

તો હવે આપ લોકો (બ્રહ્માવત્સો) એમ ના કહો કે થઈ જશે, કરીશું.... જે લોકો કહે છે કોશિષ કરીશું. ધ્યાન આપીશું તો એનો અર્થ એ કે તેઓને પોતાનામાં જ સંશય છે. જો મન નિશ્ચય છે તો મારે કરવાનું જ છે. કોશિષ શબ્દ, કહ્યા વિના સંપન્ન બનવાના પુરુષાર્થમાં જોડાઈ જશે. તો પુરુષાર્થ અત્યારે જ કરવાનો છે. કેટલાક

બ્રહ્માવત્સો કહે છે કે અમે તો ગુપ્ત છીએ. અમને કોણ ઓળખે છે? અરે ! બાબા ઓળખે છે, બીજું કોઈ નહીં ઓળખે તો શું થઈ ગયું? કોઈ વળી એમ કહે છે કે અમને કોઈ ઓળખતું નથી એટલે તે અનુસાર કોઈ સીટ મળતી નથી. અરે, સીટ તો તમારી પહેલાંથી જ સતયુગમાં ફીક્સ થઈ ગઈ છે. બાબાના દિલમાં છો. માન મરતબો અહીં શું મેળવવાનો? મોટા બનવું એટલે ખાંડણિયામાં માથું નાંખવું. મોટા બનવું કાંઈ માસીનું ઘર (સરળ) નથી. પોઝીશન યા સીટ લેવી તે કંઈ નાની વાત નથી. કેટલાક એવું સમજે છે કે મહારથી તો મોજમાં રહે છે. પણ મહારથીઓ સામે જે સમસ્યાઓ આવે છે તે જોતાં આપની સમસ્યાઓ તો કીડી બરાબર છે. પણ તે બહારથી દેખાતું નથી. એટલે કહો છો કે મોટાઓને આરામ, પોઝીશન મળે છે. વાસ્તવમાં જેટલા મોટા તેટલી મોટી વાતો સામે આવશે, પણ મોટા હોવાને કારણે એમનામાં શક્તિ ભરેલી હોય છે જે આપને દેખાતી નથી. પણ પોતાની હિંમત વિના બાબાની પણ મદદ મળતી નથી.

બાબા કહે છે કે આપ હિંમતનું એક ડગલું ભરો, તો હું હજાર ડગલાં જેટલી મદદ કરવા તૈયાર છું. બાબા પ્રેમના સાગર છે પરંતુ સ્ટ્રીક (કડક) પણ છે. કાયદો પણ પૂરો રાખે છે. આ પણ કર્મોની ગતિ છે. આપણે એક ડગલું આગળ વધીએ, તો બાબા મદદ કરે. પણ બાબા જ બધું કરે એ સંભવ નથી. બ્રહ્માવત્સોમાં આવું ચાલતું નથી. દરેકમાં કોઈ વિશેષતા હશે તો ખામીઓ પણ હશે. પ્રથમ બાબા, બીજાં મમ્મા આ બે સીટ ફીક્સ છે. ત્રીજા નંબરથી બધી સીટો ખાલી છે. અત્યારે રેસ (સ્પર્ધા) ચાલી રહી છે. અત્યારે સીટી વાગી નથી. સીટી વાગશે તો સર્વને સીટ મળશે. અત્યારે તો સૌ દોડી રહ્યા છે અર્થાત્ પુરુષાર્થ કરી રહ્યાં છે. સર્વને ચાન્સ (તક) છે. આગળ નંબર મેળવવાનો અવકાશ છે. લાસ્ટ સો ફાસ્ટનું ઉદાહરણ પણ સિદ્ધ થવાનું છે. બાબા વિદેશીઓને પણ કહે છે કે લાસ્ટ સો ફાસ્ટમાં આપનો નંબર પણ આવી શકે છે. ખબર ક્યાં પડે છે. માયાનાં તોફાનો ક્યારેક સારા સારાને પણ પાછળ લઈ જાય છે. આ વિશેના સમાચારો પણ સાંભળીએ છીએ. કોઈ પણ મહારથી બની શકે છે. મહારથી અર્થાત્ જે પરિસ્થિતિઓનો સામનો કરવામાં મહાન આત્મા હોય. જે સમસ્યાઓમાં વિજયી બને. મહાન બને.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 07નું અનુસંધાન)...તંત્રી સ્થાનેથી**

વર્ગને પામે છે. તો કોઈ નાપાસ પણ થાય છે તે રીતે રાજયોગના સાધકો નંબરવાર, પુરુષાર્થ અનુસાર સિદ્ધિઓને પામે છે. સિદ્ધિઓની વિવિધ શ્રેણીઓમાં તેઓ અગ્રસ્થાનના અધિકારી બને છે.

દરેક આત્માનો પુરુષાર્થ અને પ્રાપ્તિ ભિન્ન છે. પણ એટલું તો સત્ય છે કે આ પથ ઉપર ચાલનાર કોઈપણ સાધક સિદ્ધિથી વંચિતતો રહેતો જ નથી. તેની ટકાવારી અને શ્રેણી તેના પુરુષાર્થ ઉપર આધારિત છે.

બ્રહ્માવત્સ સિવાયના ઈશ્વરીય જ્ઞાનથી અજાણ 'જ્ઞાનામૃત'ના ગ્રાહકોને આ લેખ દ્વારા રાજયોગની સાધનાનો સંક્ષિપ્ત પરિચય કરાવવાનો આ લેખનો હેતુ છે. જો આ પથ ઉપર ચાલવાની જિજ્ઞાસા પ્રગટે તો બ્રહ્માકુમારીના સેવા કેન્દ્રની અચૂક મુલાકાત લેશો.

**॥ ૐ શાંતિ ॥**

**- બ્ર.કુ. કાલિદાસ**

# સદ્‌ભાવનાઓના દીપ પ્રગટાવો

## બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



મહાન વિચારોના શિખરે પહોંચેલા મનુષ્યને, કોઈપણ પરાયો લાગતો નથી. આ સંપૂર્ણ વિશ્વ, એક વિશ્વપિતાની થાપણ છે અને આપણે સર્વ મનુષ્યો એક વિશાળ વિશ્વ પરિવારનાં પરંતુ સમય જતાં મનુષ્યના વિચારો વિકૃત થયા. તેનો વિશાળ દૃષ્ટિકોણ હદની દીવાલોમાં બંધાઈ ગયો. વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના શાસ્ત્રો અને ગ્રંથોમાં જ સચવાઈ રહી અને સ્વાર્થ તથા ઘૃણાએ સમગ્ર વિશ્વ ઉપર પોતાનું સામ્રાજ્ય સ્થાપિત કરી દીધું. ક્યાં ભારતને ભારતમાતા માનવામાં આવી. આવી માતા કે જાણે પોતાના સર્વ સપૂતોને પોતાની ગોદમાં સમાવી લીધાં છે અને ક્યાં એજ ભારત માતા પોતાના વૃક્ષસ્થલ ઉપર ઘૃણા અને વૈમનસ્ય, ક્રોધ તથા હિંસા તથા બદલાની ભાવનાનાં કાળા વાદળો ઘેરાયેલાં જોઈ રહી છે.

મનુષ્યજીવન કેટલું સુંદર છે. કેટલું વિકસિત છે. મનુષ્યની પાસે કેટલી શ્રેષ્ઠ બુદ્ધિ છે પણ ક્યારેક બુદ્ધિમાન પ્રાણી પોતાની બુદ્ધિનો ઉપયોગ સાચી દિશામાં નથી કરતાં. એની જ બુદ્ધિ એનામાં તનાવ જન્માવે છે. એના જ વિચારો એને અશાંત કરી રહ્યાં છે. એની જ ધારણાઓ એને વામમાર્ગ ઉપર લઈ જઈ રહી છે. કેટલું કિંમતી છે આ સુંદર જીવન, પરંતુ એનાથી પણ વધારે કિંમતી છે એની બીજાઓ પ્રત્યેની શ્રેષ્ઠ ભાવનાઓ.

જે મનુષ્યનું મન સદ્‌ભાવનાઓની લહેરાતાં સાગર બની ગયું હોય, જેના મનમાં સર્વપ્રત્યે વિશુદ્ધ પ્રેમ ભરી દીધો હોય, જેના જીવનમાં ઘૃણા તથા ઈર્ષ્યાની છાયા પણ ન પડતી હોય, તે મનુષ્ય અમૂલ્ય હીરા સમાન છે. આપણે જાણી લેવું જોઈએ કે મનુષ્યની ભાવનાઓ જ એને સુખ આપે છે, એની ભાવનાઓ જ એને દુઃખ આપે છે. ભાવનાઓ બદલો અને સુખી બનો. પોતાના મનને શ્રેષ્ઠ ભાવનાઓથી ભરવા માટે શ્રેષ્ઠ તથા ગહન ચિંતનની અતિ આવશ્યકતા છે. જ્યાં સુધી સર્વમાં આત્મિકભાવ ધારણ નહીં કરીએ, ત્યાં સુધી સર્વને પોતાના નહીં સમજીએ. તેથી શ્રેષ્ઠ ચિંતન તેમજ સદ્‌ભાવનાઓમાં વૃદ્ધિ થશે નહીં. આપણે જરા થોભીને એ વાતનું ચિંતન કરી લઈએ કે કઈ વાતો આપણી ભાવનાને દૂષિત કરે છે.

જ્યારે સ્વાર્થ સંતોષાતો નથી, જ્યારે કામનાઓ તૃપ્ત થતી નથી, ક્યારે કોઈને ખૂબ હેરાન કરીએ છીએ. જ્યારે અત્યાચાર રોકતા નથી. ત્યારે જ બીજી વ્યક્તિ વારંવાર ખરાબ વ્યવહાર કરે છે. આ રીતે ખરાબ ભાવનાઓનો જન્મ થાય છે. જેનું પ્રત્યક્ષ રૂ છે બદલાની ભાવના.

બદલાની ભાવના મનુષ્યને ઘણી અશાંત કરે છે. વાતાનુકૂલ ઓરડામાં બેઠેલો માનવ બદલાની ભાવનાથી ગરમ થઈ જાય છે. શીતળ હવા પણ તેની બદલાની ભાવના દૂર કરી શકતી નથી. પરંતુ શું બદલો લઈ લીધા પછી પણ મનુષ્યની ચિત્તની અગ્નિ શાંત થાય છે? અનુભવ શો છે? બદલો લેવો તે અગ્નિ પર શીતળ જળનું કામ કરે છે કે પેટ્રોલનું ? બુરાઈને બુરાઈથી દૂર કરી શકાતી નથી.

આજે દેશમાં વિભિન્ન ધર્મોમાં વિશ્વાસ રાખનારાઓમાં વૈમનસ્યનું ગરમ વાતાવરણ છે. એક જ ધૂન છે. અમુક સમયમાં, આટલા વર્ષો

પહેલાં એમણે અમારી સાથે આમ કર્યું હતું. હવે અમે બદલો લઈશું. પરંતુ જેમણે આપના ઉપર અત્યાચાર કર્યો હતો, તે તો આજે ક્યાં છે? શું તમે તેમને ઓળખો છો? એનો ઉત્તર સ્પષ્ટ છે ના. હવે નિર્દોષોને સહન કરવું પડે છે. માસુમ બાળકો અનાથ થઈ જાય છે.

પરંતુ એક વ્યક્તિના અત્યાચારના બદલામાં સમગ્ર સમાજ પાસે બદલો લેવાનું વિચારવું તે માનવતાનો અનાદર છે. ભારતીય પરંપરાઓની અવહેલના છે. આપણી મહાન સભ્યતા દયા, પ્રેમ તથા ક્ષમા મનુષ્યને નિર્બળ બનાવતાં નથી પણ અલૌકિક શક્તિઓનો સંચાર કરે છે.

એમણે આપણી સાથે ખરાબ વર્તન કર્યું એટલે આપણે પણ કરીએ. એમણે આપણને હેરાન કર્યા એટલે આપણે એમને હેરાન કરીએ. આમ કરવાથી શું વળશે? અત્યારે દુનિયા બદલાઈ ગઈ છે. અત્યારે વિશ્વનો રાજનૈતિક મંચ બદલાઈ ચૂક્યો છે. અત્યારે વિશ્વ એક બીજાની વધુ નજીક આવ્યું છે. અત્યારે એક દેશ બીજા દેશ ઉપર આધારિત છે. હવે આપણે વિચારીને પગલાં ભરવાનાં છે એક વ્યક્તિનો બદલો લેવા જતાં આપણા અનેક લોકોને ઘણું સહન કરવું પડે. તેવું આપણે ન કરીએ. આમાં બુદ્ધિમત્તા નથી.

આપણે ક્ષમા દ્વારા શાંતિ સ્થાપવાનું શીખીએ. અંગ્રેજીમાં કહ્યું છે Forgiveness is the noblest revenge અર્થાત્ ક્ષમા કરી દેવી એજ બદલો લેવાનો સુંદર ઉપાય છે. ઈતિહાસ સાક્ષી છે કે જેઓએ માફ કર્યું છે. તેઓ મહાન થયા છે અને જેઓએ બદલો લીધો છે તેઓ ક્રૂર ગણાયા છે. બદનામ થયા છે.

આપણા મહાન દેવીદેવતા ધર્મ પરસ્પર સ્નેહ શીખવાડે છે. એનો સંદેશ અતિ મહાન ચે. મહાન દેશ ભારતમાં આદિ સનાતન દેવી દેવતા ધર્મના લોકો, જેઓ આજે સ્વયંને હિંદુ માની રહ્યાં છે. તેઓ એ ભૂલી જાય છે કે સર્વધર્મોનું થડ તેઓ જ છે. અર્થાત્ સર્વધર્મો એ દેવી દેવતા ધર્મની જ શાખાઓ છે. સમય વીતતા તેઓ અને આપણે એ રહસ્ય ભૂલી ગયા અને ધાર્મિક ભેદભાવનો પ્રારંભ થયો.

જો આપ સમગ્ર વિશ્વના ધાર્મિક રીત રિવાજોનો અભ્યાસ કરશો, તો આપને જણાશે કે આજથી 2500 વર્ષ પહેલાં સર્વ સ્થળે. દેવી દેવતાઓની જ ભિન્ન ભિન્ન નામરૂપથી જ પૂજા થતી હતી તો સર્વધર્મો આપણામાંથી જ પ્રગટ થયેલા છે. તેથી આપણે સ્વયંને મોટાભાઈ સમજીને બીજાઓની સાથે નાનાભાઈ જેવો વ્યવહાર કરવો જોઈએ. આપણા નાના ભાઈએ કંઈ ભૂલ કરી હોય, તો આપણે એમને ક્ષમા કરીને એમને સાચા રાહ ઉપર લાવવા જોઈએ.

આપણે સ્વયંને એ સંદેશ આપવા ઈચ્છીએ છીએ કે સર્વધર્મોનું મૂળ બળ છે અધ્યાત્મ. એને ભૂલીએ નહીં. અધ્યાત્મ જ કોઈપણ ધર્મની શક્તિ છે. આધ્યાત્મિક કક્ષાએ કોઈપણ ધર્મમાં કોઈ ભેદભાવ નથી. પરંતુ આજે મનુષ્યે ધર્મના બાહ્ય સ્વરૂપને અપનાવી લીધું છે પણ એના મૂળ સ્વરૂપને ભૂલાવી દીધું છે એટલે ધર્મ નિર્બળ બની ગયો છે.

આ અધ્યાત્મની શક્તિમાં વૃદ્ધિ કરવા આપણે સૌ એ જાણી લઈએ કે આપણે આ દેહને ચલાવનાર ચૈતન્યશક્તિ આત્મા છીએ. સર્વ શરીરોમાં એક એક આત્મા છે. સર્વ ધર્મોનો મૂળ ધર્મ પવિત્રતા અને શાંતિ છે. સૌ એક જ પરમપિતા પરમાત્માનાં સંતાનો છે. બસ આ થોડી વાતોને જાણવાથી ધર્મનું સત્ય સ્વરૂપ પ્રગટ થશે અને આ ધર્મના ઝગડાઓ દૂર થશે.

**(અનુસંધાન પેજ નં. 33 પર)**

# દધીચિ ઋષિ સમાન ત્યાગ, તપસ્યા, નિઃસ્વાર્થ સેવાના

## ત્રિવેણી હતા રાજયોગી જગદીશભાઈજી

બ્ર.કુ. સુભાષ, જ્ઞાનસરોવર, માઉન્ટ આબુ

જગદીશભાઈ એક એવી પ્રતિભા હતા જેઓ પોતાની યાદગાર બનાવીને ગયા. જેઓને આપણે ભૂલી શકીશું નહીં. એમના ગુણોનું વર્ણન સ્વયં ભગવાન કરતા હતા. ઉંચુ કદ, ગોરો રંગ, ચમકદાર ચહેરો, લાંબા પગલાવવાળી ચાલ, મૌલાઈ મસ્તી (ઈશ્વરીય યાદમાં મસ્ત) એ મહાન હસ્તીનું નામ હતું - જગદીશચંદ્ર હસીજા. જેમણે 200 કરતાં પણ વધુ આધ્યાત્મિક પુસ્તકો લખીને લાખો લોકોના જીવનને બદલવાની અનોખી સેવા કરીને પોતાનું તથા સંસ્થાનું નામ સાર્થક કર્યું. 2008માં મારે કેન્સર જેવી ભયાનક બીમારીનો સામનો કરવો પડ્યો તે વખતે એમના દ્વારા લખેલા સાહિત્યે મારું મનોબળ ટકાવી રાખવા માટે ઘણી મદદ કરી. આવી મહાન હસ્તીને હું વારંવાર નમન કરું છું. હિન્દી જ્ઞાનામૃતમાં પ્રકાશિત થતા નિયમિત કોલમ 'સંજયની કલમથી' ભ્રાતાજીના સાહિત્યની જ પ્રસાદી છે. પ્યારા બાબાએ એમને દિવ્યદૃષ્ટિથી વિભૂષિત મહાભારતના પ્રસિદ્ધિ પાત્ર 'સંજય'નું નામ આપ્યું. આ નામને અનુરૂપ આપ દિવ્યદૃષ્ટિથી સંપન્ન પણ હતા.

### પહેલીવારનું મિલન

જ્યારે પ્યારા બાબાએ મુરલીમાં કહ્યું કે જગદીશ બચ્ચા સેવાના સુંદર પ્લાન બનાવે છે. ત્યારે મારું ધ્યાન એમના વ્યક્તિત્વ તરફ ગયું. એ દિવસોમાં જગદીશભાઈ પાંડવભવનની પાસે જે બાલભવન છે ત્યાં એકાંતમાં રહેતા હતા. મેં નિશ્ચય કર્યો કે મારે આજે એમને મળવું જ છે. આ વાત 1985ની છે ત્યારે મારી ઉંમર વીસ વર્ષની હતી. જ્યારે હું એમના નિવાસ પર પહોંચ્યો ત્યારે



ભ્રાતાજી લખવામાં વ્યસ્ત હતા. હું ભાવિભોર બનીને એમને નિહાળી રહ્યો હતો. મન ગદ્ગદ્ થઈ ગયું. આ એ જ મહાન હસ્તી છે. જેને ગણેશ, સંજય જેવા મહાન ઉપનામોથી નવાજવામાં આવ્યા છે. હું તો એમને જોતો જ રહ્યો. લગભગ પાંચ મિનિટ પછી જેવી એમની દૃષ્ટિ મારા ઉપર પડી અને હું ભૂલી ગયો કે હું ક્યાં છું અને શા માટે આવ્યો છું. એમણે પૂછ્યું, બોલો કંઈ કામ છે? મેં કહ્યું બસ, આપને મળવાનું દિલ હતું એટલે ચાલ્યો આવ્યો. એમણે મને એક ખુરસી પર બેસવાનો ઈશારો કર્યો. ફરીથી પોતાનું કામ શરૂ કરી દીધું. હું એમને નિહાળવાનો આનંદ લેતો રહ્યો. એમનાં તેજ, એમનાં પ્રકંપનોનો હું અનુભવ કરી રહ્યો હતો. બે મિનિટમાં પોતાનું કામ પૂરું કરીને એમણે મારી સાથે વાતનો દોર શરૂ કર્યો. પૂછ્યું, ક્યાંથી આવ્યા છો? મેં કહ્યું ગુજરવાડી જે સાતારા જિલ્લા (મહારાષ્ટ્ર)માં છે. ક્યાં સેવા કરો છો? મેં કહ્યું રોટલી વિભાગમાં સેવા કરું છું.

આ તો ઘણું સારું છે. બાબાને યાદ કરીને સેવા કરવાની પોતાની અલગ મજા છે. એમણે કહ્યું, કંઈ સમસ્યા છે? કંઈ પૂછવું છે? તો મેં કહ્યું, ના, હું આપને મળીને ભરપૂર થઈ ગયો. તેઓ ઉભા થયા અને મને ભેટી પડ્યા. એ સમયે મને એવો અનુભવ થયો કે હું આ ધરા પર નથી. એમણે મારો બરડો થાબડ્યો અને કહ્યું ભાઈ, બાબાને ઘણા પ્રેમથી યાદ કરજો. એમણે પોતાના

હાથથી મારા મુખમાં ટોલી (પ્રસાદ) મૂકી ત્યાંથી વિદાય લઈને બાબાની પહાડી ઉપર જઈને બે કલાક યોગ કર્યો. લગભગ એક માસ સુધી યોગની મસ્તીમાં મસ્ત રહ્યો. જાણે કે ઉપરામ અવસ્થા બની ગઈ હોય. એ મહાન યોગીને મળવાથી એટલી ગહન અસર થઈ હતી. આ વાતનો સમર્પિત જીવનમાં ઘણો ફાયદો થયો.

## સમયમાં ચોકસાઈ

એક વાત ભ્રાતાજી દિલ્હીથી માઉન્ટ આબુ આવ્યા હતા. દાદીજીએ કહ્યું, જગદીશભાઈ, આજે મધુવન નિવાસીઓને રાત્રિ ક્લાસ 9 થી 10 હિસ્ટ્રી હોલમાં આપ કરાવજો. દાદીજીની વાત ભ્રાતાજી ટાળતા નહોતા. તેઓ પોતાના વ્યસ્ત કારોબારમાંથી સમય કાઢીને 9 વાગે હિસ્ટ્રી હોલમાં સંદલી પર બેસી ગયા. યોગ શરૂ થયો. માત્ર માઈક આપનાર જ ત્યાં ઉપસ્થિત હતા. કલાકમાં કોઈની ઉપસ્થિતિ ના જોતાં સીધા પોતાના રૂમમાં ગયા અને પોતાના કારોબારમાં વ્યસ્ત થઈ ગયા. જોતજોતામાં મધુવનમાં સમાચાર ફેલાઈ ગયા કે ભ્રાતાજી ક્લાસમાં આવીને પાછા પણ ચાલ્યા ગયા. આ વાતનો સૌ પર ઉંડો પ્રભાવ પડ્યો. એ પછી જ્યારે પણ જગદીશભાઈનો ક્લાસ હોય ત્યારે દસ મિનિટ પહેલાં જ ક્લાસમાં પહોંચી જતા હતા.

## નમ્રતાની મૂર્તિ

એક વાર અનૂપ જલોટાના પિતાજી પુરુષોત્તમ જલોટા પોતાના વિદેશી છાત્રાઓની સાથે સાંસ્કૃતિક પ્રભાગના સંમેલનમાં પહોંચ્યા હતા. હાર્મની હોલમાં ઘણો સારો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. હું સેવા પૂરી કરીને હોલની તરફ જઈ રહ્યો હતો. જગદીશભાઈ વાહનવ્યવહાર વિભાગની સામે મળ્યા. તેઓ પૂછી રહ્યા હતા કે અહીંથી પાંડવભવન કેટલું દૂર છે? પગપાળા જતાં કેટલો સમય લાગે? રાત્રિના 10.15 વાગ્યા હતા. મેં કહ્યું, ભ્રાતાજી રાત્રિના સમયે પગપાળા જવું યોગ્ય નથી. હું ડ્રાઈવરને બોલાવું છું. તો ડ્રાઈવર પ્રત્યે એમણે જે શબ્દો કહ્યા તે સાંભળીને હું ચકિત થઈ ગયો. ના, ના, મહાદેવભાઈને બોલાવશો નહીં. એમને કાર્યક્રમ જોવા મેં જ મોકલ્યા છે. ડ્રાઈવર પ્રત્યે આટલી સહાનુભૂતિ કોણ રાખી શકે? મેં વાહન વ્યવહાર વિભાગના ભાઈને વાત જણાવી. તે તરત જ ગાડી લઈને આવ્યા ભ્રાતાજીને બેસાડ્યા. આ વખતે જગદીશભાઈએ કહ્યું ગાડીને પૂરી ભરાવા દો. ગાડી ભરાઈ નહીં ત્યાં સુધી ગાડી રોકી રાખી. એમનામાં કેટલી ઉંચી ભાવના હતી કે સૌ મારા પરિવારનાં છે. એમને પણ સાથે લઈ લો. એમના દિલમાં સૌના માટે પ્રેમ અને આદર હતાં. સૌને સાથે લઈને ચાલવાની અને આપ સમાન બનાવવાની ભાવના એમાં છલકાતી હતી.

## સત્યતાની મૂર્તિ

ભ્રાતાજી જ્યારે બીમાર હતા તો એક વાર કહેવા લાગ્યા, કેટલાક ભાઈબહેનો મને પૂછે છે કે બાબા આપને બીમારીમાં મદદ કેમ કરતા નથી. હું એમને જણાવવા ઈચ્છું છું કે બાબા દરેક વખતે મને આગળ વધારતા જ હતા. પ્યારા બાબાએ કેટલીયે વાર મને ઈશારો કર્યો કે બચ્ચે, તબિયતનું ધ્યાન રાખો. સમય પર ભોજન કરો. સમયસર સૂઈ જાઓ. પરંતુ મારે તો ભગવાનની સેવામાં મારું શરીર સ્વાહા કરવું હતું. હું શરીરનું ધ્યાન રાખતો જ નહોતો. બસ બાબાએ જે કહ્યું એમાં તન મનથી સંપૂર્ણ રીતે જોડાઈ જતો હતો. મજા પણ આવતી હતી. મેં તો આનંદ માણ્યો છે પણ એને કારણે મારા શરીરની રચનામાં અંદરથી બદલાવ આવી રહ્યો છે એની મને ખબર પડી નહીં. ઉંમર વધતાં જ એણે વિકરાળ રૂપ ધારણ કરી લીધું. એમાં તો હું દોષિત છું. બાબાએ તો કેટલીયે વાર સાવધાની

આપી પરંતુ હું માનતો જ નહોતો. હું બાબાને દોષ કઈ રીતે આપી શકું.

### અંતિમ સમયની યાદો

એક દિવસ એમની તબિયત ઘણી ખરાબ હતી એ દિવસે અર્જુનદાદાજીના પાર્થિવ શરીરને મધુવનના ચારે ધામોની યાત્રા કરાવવામાં આવી રહી હતી. જગદીશભાઈએ પણ એમની નનામીને પોતાના ખભે લીધી અને પગપાળા ચાલવા લાગ્યા. સૌએ એમને ના કહી. ભ્રાતાજી, તમે આરામ કરો. અમે લોકો લઈ જઈએ છીએ. ત્યારે એમણે બંને હાથ જોડીને એ મહાન હસ્તીને નમન કરી કહ્યું, ધન્ય હો દાદા આપે આપના શરીરને ઈશ્વરીય સેવામાં લગાવ્યું. આ જોઈને સૌ વિચારી રહ્યા હતા કે દાદાની વિશેષતા જોઈને ભ્રાતાજી એમને કેટલું સન્માન આપી રહ્યા છે. આપણે પણ સૌને આવું સન્માન આપવું જોઈએ.

### આજ્ઞાકારી

એ દિવસે મધુવન નિવાસીઓ માટે જગદીશભાઈજીનો અંતિમ ક્લાસ હતો. પ્રકાશમણિ દાદીજી સ્વયં જગદીશભાઈને સાથે લઈને આવી રહ્યાં હતાં. ભ્રાતાજી ઘણા શારીરિક રીતે નબળા લાગતા હતા. એમના શબ્દો પણ ધીમે ધીમે નીકળી રહ્યા હતા. એમણે કહ્યું હું ક્લાસ કરાવવા નહીં પોતાના પ્યારા પરિવારને મળવા આવ્યો છું. હું દાદીજીની આજ્ઞા કઈ રીતે ટાળી શકું? આપ મારી તબિયત જોઈ રહ્યા છો. એમણે વૈરાગ્યવૃત્તિ પર પ્રકાશ પાડ્યો અંતમાં એમણે કહ્યું મેં એક એક પળ એક એક અસ્થિ પ્રભુના યજ્ઞમાં લગાવવાની કોશિષ કરી છે. મને જવાનું દુઃખ નથી. એક દિવસ તો સૌએ જવાનું જ છે. પણ એક કામ હું આપના માટે સોંપી રહ્યો છું. મેં ઘણી કોશિષ કરી પણ કરી શક્યો નથી. હું પોતાને શરમાયેલો અનુભવી રહ્યો છું. બાબાએ આપણને આટલું બધું આપ્યું પણ એક નાનકડી આશ પૂરી કરી શક્યો નથી. આપ પૂરી કરશો? સૌએ કહ્યું હાજી ભ્રાતાજી, તેઓ બોલ્યા બસ, હું શિવબાબાને પ્રત્યક્ષ કરી શક્યો નથી. એથી આગળ તેઓ બોલી શક્યા નહીં. એમનું દિલ ભરાઈ આવ્યું. માઈક લઈ લેવામાં આવ્યું. ક્લાસનાં સૌએ તેમને બે હાથથી નમસ્કાર કર્યાં.

બધાનું દિલ ભરાઈ ગયું. દાદીજીએ કહ્યું કે અમે બાબાને જરૂર પ્રત્યક્ષ કરીશું. મધુવનમાં એક નવી ચેતના આવી.

### એ દિવસ આવી જ ગયો

હું લૌકિક ઘેર માને મળવા ગુજરવાડી (સતારા) ગયો હતો. મને મારા મોટા ભાઈ અર્જુનજીએ સમાચાર આપ્યા કે જગદીશ-ભાઈજી.... અને આગળ તેઓ બોલી ના શક્યા. હું બે મિનિટ માટે શાંત થઈ ગયો. એમને દિલથી નમન કર્યું. અને વિચાર્યું દધીચિ સમાન એક એક અસ્થિ સેવામાં લગાવનાર, એક એક શ્વાસ યજ્ઞ સેવામાં સમર્પિત કરનારા ભ્રાતાજીનાં અંતિમ દર્શન કરી શકીશ? હું જનરલ ટિકિટ લઈને તરત જ બાન્દ્રા સ્ટેશનના પ્લેટફોર્મ પર પહોંચ્યો. બાબાના બાળકો દેખાવા લાગ્યા. ત્યાં અનિલભાઈ મળ્યા અને કહ્યું બી-1માં આપ મારી સાથે બેસજો. આપની ટિકિટ મારી પાસે છે. એ.સી. કોચમાં બેસવાનો આ મારો પ્રથમ અનુભવ હતો. મેં જોયું કે એ મહાન હસ્તીના નામ પર અનુકૂળતાઓ ગોઠવાતી જતી હતી. રસ્તામાં એમની સમગ્ર જીવનગાથા મારા માનસપટ પર છવાતી હતી.

### તે અંતિમ દૃશ્ય

માઉન્ટ આબુની સ્મશાનભૂમિ જાણે એક મેળો બની ગઈ હતી. ચારે બાજુ સફેદ વસ્ત્રધારી

જ જણાતા હતા. ઉભા રહેવાની પણ જગ્યા નહોતી. મોટી સંખ્યામાં બ્રાહ્મણ (બ્રહ્માવત્સ) પરિવાર ત્યાં પહોંચ્યો હતો. પોતાના નાયકને અંતિમ વિદાય આપવા. સ્વયં દાદી પ્રકાશમણિજી એમના અગ્નિ સંસ્કાર કરવા આવ્યાં હતા. પાર્થિવ શરીર પાંચ તત્ત્વોમાં વિલીન થઈ ગયું. પરંતુ આજે પણ એમનું જીવન ચરિત્ર પુસ્તકોના રૂપે આપણને માર્ગદર્શન આપે છે. મહેશભાઈ એમની સાથે કામ કરતા હતા. તેઓ કહે છે સમગ્ર સંગમયુગ સુધી કામ ચાલે એટલી સેવા તેઓ મને આપીને ગયા છે. આ કારણે રોજ એમની કલમના રૂપે, ક્યારેક એમની સેવા યોજનાઓ રૂપે, ક્યારેક એમનાં પ્રવચનો રૂપે એમની સાથે અવ્યક્ત મિલન મનાવતા રહીએ છીએ.

12 મે, 2001ના દિવસે સાંજે 8.00 કલાકે ભ્રાતાજીએ દેહત્યાગ કરી અવ્યક્ત વતન વાસી બન્યા. આ શબ્દો દ્વારા એમને અંજલિ આપું છું.

આપ સે સદા બહાર હૈ,
આપ સુખ કે સંચાર હૈ,
આપ ત્યાગ તપ એવં સેવાકી મૂરત હૈ,
આપ સે હી યજ્ઞ કી શોભા હૈ,
આપ આત્મા કા વિહાર હૈ
પ્યારે ભ્રાતાજી આપ હી શિવકા દ્વાર હૈ.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 19નું અનુસંધાન)... મનન એટલે**

ટેવ છે, જ્યારે બીજાના દોષો માઈક્રોસ્કોપથી જોવાની ટેવ છે. પરિણામે સ્વાર્થના કૂંડાળાની બહાર કદી જઈ શકતા નથી. આ સ્વાર્થના કૂંડાળામાથી બહાર નીકળવાનો ફક્ત એક જ માર્ગ છે અને તે છે પ્રભુ સાથે અંતરની આરાધના, સાચા દિલની પ્રાર્થના અને મનન-મંથન દ્વારા મન-બુદ્ધિનો તાર સત્યમ્-શિવમ્-સુંદરમ્ સાથે જોડવો.

તમે પણ અમૃતના ઉપાસક છો. કદાચ તમને એની ખબર નથી. એકવાર અંતરના અરીસામાં જોશો તો તમને તમારો સાચો ચહેરો જરૂર દેખાશે. તો પછી સત્ય તમારા સાથમાં હશે, સ્નેહની તમને હૂંફ હશે. તમે આનંદ યાત્રી બની જશો. આનંદનું અમૃત સત્ય અને સ્નેહનું અમૃત આપણાથી એક વેંત પણ દૂર નથી. આપણી પાસે જ છે, આપણામાં જ છે. તો પછી તેને કેમ ન પામીએ!

મિત્રો, ચાલો આપણે પ્રભુ પિતાના સાનિધ્ય સાથે અંતરનો વાર્તાલાપ કરીએ. મનન-મંથન કરીને અમૃત મંથન કરીએ અને એનો આધ્યાત્મિક આનંદ આપણે અનુભવીએ અને આપણા સહ પરિવારને એવો આનંદનો અનુભવ કરાવવા પ્રેરણા સ્ત્રોત બનીએ એવી શુભ કામના..

**(પેજ નં. 27નું અનુસંધાન)... આધ્યાત્મિક કન્યા -**

દુનિયાના વાતાવરણથી એક અલગ જ માહોલમાં શિવબાબાએ મને રાખી છે. તેથી હું મને પોતાને ભાગ્યશાળી માનું છું. મારી કન્યાઓને એવી સલાહ છે કે જયાં પરમાત્માની પઢાઈ, પાલના અને સ્નેહ મળે છે એવું જ જીવન શ્રેષ્ઠ કહેવાય. આથી કન્યાઓએ તો આવા માહોલમાં જ રહીને પોતાના ભાવિ જીવનને ઉજ્જવળ બનાવવું જોઈએ. બહારની દુનિયામાં જુઓને, કયાંય સુખ-શાંતિ-ખુશી નજરે પડે છે? અહીં તો દિન-રાત, સુબહ-શામ બસ બાબાકી નિગાહોમેં હી પલતે હૈ. ઉનકી છત્રછાયામેં હી રહતે હૈં.

**॥ ઓમશાંતિ ॥**

# મનન એટલે આરાધના

બ્ર.કુ. અનિલ, સુરત

સમુદ્ર મંથનમાંથી દેવોએ ભલે અમૃત પ્રાપ્ત કર્યું હોય પણ સંસારના સાગરમાંથી અમૃતનો આસ્વાદ લેનાર મહાન આત્મા છે. અમૃતના ઉપાસકો સૌ પ્રથમ તો સત્યનું શરણું શોધે છે. કારણ સત્ય આચરણ વગર બધું શૂન્ય છે. માનવી શું કે દેવ શું યુગોથી સૌ કોઈ અમૃતને ઝંખતું આવ્યું છે. અમર થવા કોણ નથી ઈચ્છતું? પણ આયુષ્યની યાત્રા લંબાવવાથી કંઈ અમર નથી થવાતું. જે જીવન અમૃતને પામે છે. અર્થાત્ જે પ્રભુ સાથે મનન-મંથન કરી જે આધ્યાત્મિક પ્રેમ અને આનંદ અનુભવે છે તે જીવાત્મા અમર બની જાય છે.

આપણે જીવાત્માઓ પ્રભુ સાથે મનન-મંથન કરતાં પણ મને કેટલો લાભ મળશે એ પહેલું વિચારે છે. આપણે લાભને વ્યક્તિગત બાબત ગણીએ છીએ. એનું કારણ એ છે કે આપણને ગળથૂંથીમાંથી જ સ્વાર્થ રૂપી ઝેર પાવામાં આવે છે. અને એકવાર ઝેરની આદત પડી ગયા પછી એ ઝેર જ આપણું જીવન બની જાય છે. પરિણામે આપણા અંગત સ્વાર્થ સિવાયનું કોઈપણ કામનો પ્રતિકાર કરીએ છીએ. લાભ એટલે આપણા સ્વાર્થનો સંતોષ. જીંદગીની સિદ્ધિને આપણે આ પ્રકાર લાભ અને નુકશાનના કાટલાથી તોલીએ છીએ. એટલે ક્યાંથી સાચા અર્થમાં પ્રભુ સાથે મનન-મંથન દ્વારા સીધી જ વાત કરી શકાય?

આધ્યાત્મિક અમૃતપાનનો આસ્વાદ અનુભવવો હોય તો સત્યમ્ શિવમ્ સુંદરમ્‌ના સાંનિધ્યના આધારે, સત્યના આધાર વિના સ્નેહનું કોઈ મૂલ્ય નથી. સત્ય તથા સ્નેહનો સાધક સ્વાભાવિક રીતે જ આનંદનો ઉપાસક બની રહેવાનો આ અલૌકિક આનંદ એક એવું અમૃત બિંદુ છે કે જે જીવન જીવવાની કળા શીખવે છે. જન્મી તો સૌ જાણે છે, પણ જીવી જાણે તે જ સાચો ઉપાસક. આ ધરતી પર એવો કોઈ માનવી હશે ખરો કે જે આનંદનું આચમન કરવા નહિ ઈચ્છતો હોય? પોતાનું સુખ તો સૌ ઝંખે છે પણ અન્યનું સુખ કોણ ઝંખે છે? અમૃતનો ઉપાસક જ એમ કરી શકે. પોતામાં રહેલા અહમને જ્યાં સુધી માનવી ઓગાળતો નથી ત્યાં સુધી માનવી અમૃતનો ઉપાસક બની શકતો નથી. વિકારોરૂપી ઝેરને મન-બુદ્ધિમાંથી જાકારો આપ્યા વિના અમૃતપાન અનુભવી શકાતું નથી.

વહેલા કે મોડા દરેક માનવીએ પોતાના સારા કે નરસા કર્મનું સરવૈયું માંડવું જ પડે છે. જાત સાથેની છેતરપિંડી ઝાઝો સમય ચાલતી નથી. છળથી બહારના માણસો છેતરાઈ શકે છે. પણ આત્માને અંધારામાં રાખી શકાતો નથી. સત્તા, સંપત્તિ કે પ્રતિષ્ઠા તાત્કાલિક લાભ દર્શાવે છે. કદાચ તેથી જ આપણને એના મોહમાં સપડાઈ જઈએ છીએ. આત્માનું ઊર્ધ્વીકરણ ન કરી શકે એ લાભ શા કામનો? જિંદગીનો અંત દેખાય ત્યારે જો આપણે કર્મોનું સરવૈયું કાઢવા બેસીએ અને જો આપણે ખોટનો વેપાર કરી બેઠા હોઈએ તો પછી તે સમયે જીવનની ઉધાર બાજુને જમા બાજુમાં પલટાવવાનું મુશ્કેલ બની જાય છે.

જીંદગીની દરેક ક્ષણ એ જીવતી ક્ષણ છે. પણ તે સાથે તે મૃત્યુની પણ ક્ષણ છે. એમ માનીએ તો લાભ અને નુકસાનને અકારણે આપણી આંખો વડે નહીં પણ અન્યની આંખો વડે જોઈશું. આપણને આપણી ભૂલો આવરણ મૂકીને જોવાની

(અનુસંધાન પેજ નં. 18 પર)

# ઈશ્વરીય જ્ઞાન તથા ખજાનચી

## ઈમાનદાર ધનકુબેર, ચિત્રગુપ્ત - ઇશુદાદીજી

### બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુરોડ.

શાસ્ત્રો અનુસાર કુબેરજીને શિવજી અને બ્રહ્માજી બંને તરફથી વરદાન મળ્યું હતું. શિવજીએ ભક્તિથી પ્રસન્ન થઈ, કુબેરને અક્ષય-તૃતીયાના દિવસે અક્ષય (અખૂટ) ખજાનો આપ્યો અને તેમને દેવતાઓના ખજાનચી બનાવ્યા, જ્યારે બ્રહ્માજીએ કુબેરને ધનનાં દેવતા બનાવ્યા. આવા જ એક ખૂબ જ વિશિષ્ટ પ્રભુરત્ન 'રાજયોગિની ઇશુદાદીજી' એ ઈશ્વરીય જ્ઞાન અને ખજાનાના એવાં ઈમાનદાર ધન-કુબેર હતા, જેમને પૂર્વ જન્મોની તપસ્યાથી પ્રસન્ન થઈને શિવપિતાએ અખૂટ જ્ઞાન રત્નોના અખૂટ ભંડારના માલિક બનાવ્યા અને બ્રહ્માબાબાની પારખુ નજરોએ પારખી, તેમને બ્રાહ્મણથી હોવનહાર દેવતાઓની અર્પિત અમાનતના સ્વામી (ખજાનચી) બનાવ્યા. યજ્ઞ ઇતિહાસને નજીકથી જોવાવાળા, આદિથી અંત સુધી ભગવત ચરિત્રોના એકમાત્ર સાક્ષીદ્રષ્ટા - ઈશુદાદીજી, બ્રહ્માવત્સોની જીવનકથાઓના પત્રો વાંચી, બાબાની સમક્ષ તેમનાં ચરિત્રોનું ચિત્રણ કરવાવાળાં એક ગુપ્ત ચિત્રગુપ્ત પણ હતાં !

દાદીનો જન્મ સિંધ હૈદરાબાદમાં ૧ મે સન ૧૯૨૮ માં થયો હતો. પિતા "દયાલદાસ થડાણી" અને માતા 'કમલા' એ તેમને નામ આપ્યું 'ઈશ્વરી', જ્યારે શિવપિતાએ હંમેશા શાંતચિત્ત અને ધીરગંભીર સ્વભાવને અનુરૂપ અલૌકિક નામ આપ્યું 'પૂર્ણશાંતા', બ્રહ્માબાબા લાડથી 'ઈશુ' કહીને બોલાવતા. દાદીનું ઘર બાબાનાં ઘરની પાસે જ હતું. એક દિવસ દાદી બહાર આવ્યા, સામે બાબા ઉભા હતા. તેમને જોઈને જ



સાક્ષાત્કાર થયા કે આ કોઈ સાધારણ વ્યક્તિ નહીં પરંતુ ખૂબ જ ઉંચી વ્યક્તિ, દૈવી હસ્તિ, મહાન વિભૂતિ, મહાપુરૂષ છે, તેમનામાં કોઈક શક્તિ છે. દાદીએ માતા-પિતાને કહ્યું, 'હું તેમની પાસે જાઉં છું.' તો તેઓ તેને સત્સંગમાં લઈ ગયા. ત્યાં દાદી બાબાના ચુંબકીય વ્યક્તિત્વથી આકર્ષાઈ તેમની ગોદમાં સમાઈ ગયા. બાબાના નિઃસ્વાર્થ પ્રેમાળ સ્નેહે દાદીને બાબાના દિવાના બનાવી દીધા. તેણે માતા-પિતાને કહ્યું, 'હું બાબા પાસે જ રહીશ.' માતા-પિતાએ પણ ખુશી-ખુશી રજા આપી, પછી બાળકો માટે બાબા દ્વારા ખોલેલા બોર્ડિંગમાં 7 વર્ષની વયે ઇશ્વરીય આધ્યાત્મિક અને શૈક્ષણિક અભ્યાસ શરૂ કર્યો. એ દરમિયાન દાદીથી 6 વર્ષની નાની બહેન 'લચ્છુ દાદી' અને 4 ભાઈઓ સહિત આખો પરિવાર સમર્પિત થયો.

એ વખતે જ્યારે સિંધ હૈદરાબાદમાં પવિત્રતાને લઈને હોબાળો થયો, ત્યારે બાબા કરાંચી ગયા. જે બાળકોના નામનાં વોરંટ નિકળ્યા હતાં તેઓ ઘેર ગયા, પરંતુ દાદી બાબા સાથે કરાંચી આવ્યા. બાબા મુરલી ચલાવતા, તો દાદી નોંધ કરતા, પરંતુ બાબાની ઝડપ ખૂબ જ વધારે હતી, તેથી કોઈ લખી શક્તાં નહીં. તેથી દાદીએ પરમાત્માનાં ટચિંગને કેચ કરી પ્રતીકાત્મક લિપિની રચના કરી. લાંબા શબ્દો અને વાક્યોના પ્રતીકો બનાવ્યા, જેમ કે, લક્ષ્મી નારાયણ માટે LN (એલ.એન.), સૃષ્ટિચક્રનું

ગોળ ચિહ્ન, આવા ઘણા ચિહ્નો નોંધીને યાદ રાખી, તેના આધારે આખી મુરલી લખી લેતાં. દાદી મમ્મા સાથે રહેતા અને બાબા અલગ રહેતા હતા. એટલે તેઓ ક્લિફ્ટન ખાતે બાબાને મળવા જતાં, જ્યાં બાબા હસાવતા, મનોરંજન કરાવતા અને પ્રેમથી મીઠી-મીઠી વાતો સંભળાવીને ખુશ કરતા. બાબા કહેતા, ‘ખુશી જેવો કોઈ ખોરાક નહીં, હંમેશા ખુશ રહો, નાચતા રહો, હસતા રહો, ઉડતા રહો, ક્યારેય નારાજ થઈને રડશો નહીં, ના મૂડ ઓફ કરીને મુરઝાશો.’ દાદી કહેતાં, ‘બાબા, તમે સંભળાવેલી સારી સારી વાતો નોંધી લીધી છે’ તો બાબા ખુશ થઈ પ્રેમ વરસાવતાં. મમ્માના ભવનમાં પાછા આવ્યા ત્યારે મમ્મા સંભળાવવાનું કહેતા તો, તેઓ બાબાની વાતો સંભળાવતાં, બધા ખુશ થઈ તાળીઓ વગાડતાં. તેમને પોતાના ભાગ્ય પર ગર્વ થતો કે બાબાએ બાળપણમાં જ તેમનો હાથ પકડી લીધો! ૧૪ વર્ષની ભઠ્ઠીમાં મમ્મા બાબાની અંગસંગ રહીને મળેલ અપાર ખુશીઓ વ્યક્ત કરતી વખતે, દાદીના હૃદયવીણાના તાર ગુંજી ગાઈ ઉઠતા, ‘ખુશીયોં ભરી જિંદગાની હમારી, દેવી-દેવતાઓં સે ભી હૈ જો પ્યારી!’ (ખુશીઓ ભરેલી જિંદગી અમારી, જે દેવી-દેવતાઓ કરતાં પણ વધારે પ્યારી છે!)

બાળપણથી જ શાંત સ્વભાવનાં ઇશુદાદીના સત્યતા - પ્રમાણિકતા - વફાદારીના સંસ્કારો જોઈ, દાદીની ૭ વર્ષની ઉંમરથી જ બાબા તેમને તિજોરીની ચાવી સોંપવા લાગ્યા. યજ્ઞની શરૂઆતથી જ બાબાનો જમણો હાથ બની તેઓ યજ્ઞના સ્થૂળ-સૂક્ષ્મ મિલકત અને આર્થિક કારોબાર સંભાળવાના નિમિત્ત બન્યાં. બાબા-મમ્મા પ્રેમથી તેમને ‘મની પ્લાન્ટ’ પણ કહેતા હતાં. તે બાબાના દરેક આદેશને અનુસરીને શ્રીમતના પગલે ચાલતાં રહ્યાં અને દરેક કસોટીમાં સાચા સોનાની જેમ ખરાં ઉતર્યા. એક દિવસ બાબાએ ફરમાન કર્યું, ‘૧૫ દિવસ સુધી બહારની કોઈ વ્યક્તિ ઘરની અંદર નહિ આવી શકે, સફાઈ કર્મી (જમાદાર) પણ નહીં...! ગેટ બંધ, તાળું લગાવી દો, બધું જ પોતાના હાથે કરવાનું છે.’ જેના કારણે ડ્રાઈવર પણ નહોતો આવી શક્તો. યજ્ઞમાં એક મોટી બસ હતી, બાબાએ કહ્યું, ‘બસની સફાઈ પણ તમારે કરવાની છે’, તો દાદીએ બસની નીચે જઈને કાળા કપડા બાંધીને સફાઈ કરી.

ભારત-પાકિસ્તાનના ભાગલા પછી દાદી બાબા સાથે આબુ આવ્યા. તે સમયે ઓમમંડળી આર્થિક મંદી (બેગરી પાર્ટ)ના તબક્કામાંથી પસાર થઈ રહી હતી, પરંતુ બાબાએ ખબર જ ન પડવા દીધી. બાબા પાંડવ ભવનથી ગુરુશિખર (પીસ પાર્ક) સુધી પગપાળા લઈ જતા, યુવાનીમાં દાદીઓ પહાડો પર ચઢી જતા અને ચેરી અને કેરી (કાચી કેરીઓ) ખાઈને ખુશ થઈને પાછા ફરતા, બાબા સાથે હતાં એટલે કંઈ ન હોવા છતાં પણ ખુશ હતા. એકવાર દાદી અને ત્રણ બહેનોને ઝાડા થયા, આ વાત વિશ્વકિશોર દાદાને ખબર પડી, પણ તેની પાસે માત્ર એક આના જ વધ્યા હતાં, તેથી એક ગોળી લાવ્યા, બાબાએ તેના ચાર ટુકડા કરી, ચારેયને પાણી સાથે દવા પાઈ દીધી અને દાદીના નિશ્ચયનો કમાલ! રેચક એકદમ ઠીક. એવી જ રીતે એક વાર બાબા પાંડવ ભવનથી પગપાળા જ આબુ રોડ (શાંતિવન) લાવ્યા અને બધાએ રાત્રે એક શાળામાં આરામ કર્યો. સવારે ઉઠ્યા ત્યારે બાબાએ કહ્યું, ‘માથે મોટા-મોટા પેઠાં(લાલ કોળા) લઈને આબુ ચાલો, જો કોઈ પડી જાય તો ફેલ! આથી બધાએ માથે પેઠા લીધા, સખત મહેનત કરીને ઉપર (આબુ) પહોંચ્યા, પછી મમ્માએ બસ સ્ટેન્ડ પર આવીને ગુલાબજળ છાંટી, ગુલાબદાનીથી સ્વાગત કરી પ્રોત્સાહિત કર્યા.

બાબા-મમ્મા સાથે અતીન્દ્રિય સુખથી વિતાવેલા દિવસો યાદ આવતાં જ દાદી ફૂલ્યાં સમાતા નહોતાં, તેઓ ભાવવિભોર થઈ દિલથી ગાવા લાગતાં, 'વો દિન ભી કિતને પ્યારે થે, જબ બાબા સાથ હમારે થે! (એ દિવસો પણ કેવા સુંદર હતા, જ્યારે બાબા અમારી સાથે હતા!)'

ચતુરસુજાન બાબાએ દાદીઓને સેવા કરવા મોકલ્યા, જેનાંથી બાબાની મુરલીનાં ચાહક બાળકો નિકળવા લાગ્યા. ત્યારે બાબા દાદીને કહેતા, '૧૨ વાગે પોસ્ટ જશે, બાકીનું કામ છોડી દો, ૧૧ વાગ્યા સુધીમાં મુરલી લખીને તમારે જ તૈયાર કરવાની છે!' તો દાદી એ ન વિચારતા કે હું આ કેવી રીતે કરી શકીશ?' પણ બાબા લખાવી રહ્યા છે, એ નશા અને ખુશીમાં મુરલીનો એક પણ અક્ષર ચૂક્યા વિના, ચાર-ચાર પાનાની મુરલી લખતા, નકલો બનાવતા અને સમયસર મુરલી પોસ્ટ કરતા. અવ્યક્ત બાપદાદાની પધરામણીમાં પણ તેઓ આખી રાત જાગીને મુરલીઓ લખતાં હતાં. સાચે જ, ઇશુદાદી તો જ્ઞાનસાગરને હપ કરવાવાળાં સોનાની ચકલી (ગોલ્ડન સ્પેરો) જ્ઞાન-બુલબુલ હતાં, જેમની કરિશ્માયુક્ત કલમથી લખેલી મુરલીઓની ધૂન ગોપ-ગોપીઓને આકર્ષિત કરતી રહી અને રિપીટ થયેલી સાકાર મુરલીઓ અથવા રિવાઈઝ થયેલી અવ્યક્ત મુરલીઓથી દાદી ઈશ્વરીય મહાવાક્યોનો અક્ષય ખજાનો લૂંટાવતાં રહ્યા....!

સેવાઓ વધવા લાગી, ત્યારે બાબા પત્રોથી માર્ગદર્શન આપી બધામાં ઉમંગ ભરતા. જે માત્ર હિન્દી જાણતા તેમને બાબાના હાથે સિંધીમાં લખેલા પત્રો પર દાદી હિન્દીમાં અને જેઓ સિંધી જાણતા તેમનાં પત્રો પર તેઓ સ્પષ્ટ સિંધીમાં લખતા. બાબાને પણ ક્યારેક બાંધેલી ગોપિકાઓ તરફથી પ્રેમ-સંબોધનના પત્રો, ક્યારેક જીવનકથાના પત્રો અથવા વ્યક્તિગત પુરૂષાર્થના ચાર્ટ તો ક્યારેક સેવા ક્ષેત્રની સમસ્યાઓના પત્રો પણ મળતા હતા. દાદી એ બધા પત્રો વાંચતા અને પત્રોમાંથી ગુપ્ત બાબતો અને કર્મોના લેખા-જોખા જાણી, દરેકની કર્મ-કહાનીનાં ચિત્રગુપ્ત બની નોંધ કરતા અને બાબાને સંભળાવતા, પરંતુ તેમના માનસપટલ કે બુદ્ધિ પર અંશમાત્ર પણ છપાતું નહીં. જેવી રીતે ગંગા પોતાનું બધુ જ પાણી સમુદ્રમાં ઠાલવીને સ્વચ્છ બની જાય, તેવી જ રીતે દાદી પણ બધા સમાચાર સંભળાવીને શિવ-સાગરમાં સમાવી દેતાં અને શુદ્ધ ગંગા બની જતાં. બાબાએ લખેલા જવાબી પત્રો પર હૂબહૂ સિંધી કે હિન્દીમાં જવાબ આપતા, ક્યારેક તેઓ એક કલાકમાં ૧૬-૧૬ પત્રો પણ લખી લેતા. બાબા જ્યાં પણ જતા, ત્યાં તેને લઈ જતા અને દાદીને પ્રાઈવેટ કે પર્સનલ સેક્રેટરી કહેતા.

બાબાનાં અવ્યક્ત થયા પછી ઇશુદાદી, મનમોહિનીદીદી અને પ્રકાશમણિદાદી સાથે જમણો હાથ બની રહ્યા. દીદી સાડીને પ્રેસમાં આપવાના બદલે સાડી લપેટીને ખુરશી પર રાખી તેના પર બેસી જતાં, તો સાડી પ્રેસ થઈ જતી. તે જ રીતે, ક્વિન મધર (દીદીની લૌકિક માતા) સમૃદ્ધ ઘરનાં હોવા છતાં પાઈ પાઇનો હિસાબ લખતાં, ક્વિન મધર અને દીદીનાં સંગમાં રહી દાદી બચત કરવાનું શીખ્યા. દીદી તેમને સેવા માટે સાથે લઈ જતા, પહેલા દીદી બોલતા અને પછી તેમને બોલવાની તક આપતા. પ્રકાશમણિદાદી પાસેથી તેઓ ગંભીર રહેતા શિખ્યા. બાબા કહેતાં બધું પોતાની જાતે જ કરવાનું છે, કોઈને આધાર બનાવવાનો નથી, આથી એક બાબાને આધાર બનાવીને તેણે હંમેશા પોતાની જાતને સાધન-સગવડથી દૂર રાખી, દાદી સિમ્પલ રહીને સાદગીનો પર્યાય બની ગયા અને સાક્ષીદ્રષ્ટા બની

**(અનુસંધાન પેજ નં. 33 પર)**

# સત્યની ઓળખ

## બ્ર.કુ. નિરંજનાબેન, અલકાપુરી, વડોદરા

ભારતનો સુવર્ણકાળ એટલે સતયુગ અર્થાત્ જ્યારે સત્યનો સમય હતો. સમયના વહેણની સાથે સાથે હવે એવો સમય આવીને ઉભો છે જ્યારે સત્ય ખોવાઈ ગયું છે, આલોપ થઈ ગયું છે અને સત્યને ઓળખવાની જરૂર ઊભી થઈ છે. સત્યને તેના અર્થમાં જોઈએ તો એક સત્ય એટલે સાચું-ખરું, બીજું સત્ય એટલે યોગ્ય અને ત્રીજું સત્ય એટલે કાયમા સત્યનો પ્રાથમિક અર્થ સમજવો સહજ છે. આપણા જીવન વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે જ્યાં ત્યાં જૂઠનો પ્રયોગ કરવામાં આવે છે અને આપણે જાણીએ છીએ કે એક જૂઠ સો જૂઠ બોલાવે છે. આમ જૂઠની પરંપરા સર્જાતાં સત્ય છુપાઈ જાય છે અને પ્રશ્ન કે ગૂંચનું નિરાકરણ ન થતાં તે વધતા જાય છે. જૂઠના પ્રયોગ અને પરિણામથી માનવ મુંઝાઈ જાય છે અને ધીમે ધીમે તેનો આત્મવિશ્વાસ ઓછો થતો જાય છે. જે અનેક ભૂલોને સર્જે છે અને તેથી નિરાશ, હતાશ થઈ જાય છે, માનસિક તાણ વધી જાય છે અને આમ નિરાશ થયેલો માનવ પછી વ્યસન તરફ ઢળે છે અને સમાજને માટે એક પ્રશ્નરૂપ થઈ રહે છે.

બીજું સત્ય એટલે યોગ્ય અથવા proper વ્યક્તિ જ્યારે કર્મ સાથે સંકળાયેલો છે ત્યારે તેનું દરેક કર્તવ્ય સાચું અર્થાત્ યોગ્ય છે કે કેમ તે જોવાનું રહે છે. સત્ય અર્થાત્ જેના દ્વારા સ્વયંનું કલ્યાણ થાય તેમ હોય તથા અન્યનું પણ કલ્યાણ થાય તેમ હોય તેવું કર્મ, જેના દ્વારા લાંબા કાળની શાંતિ કે સુખની પ્રાપ્તિ થતી હોય તેવું કર્મ. ફક્ત સ્વયંનું જ અલ્પ સમયનું સુખ, બીજાના ભોગે મેળવવાની વૃત્તિ ખોટા કામ કરાવે છે. જે લાંબે ગાળે પોતાને પણ દુઃખ આપનાર સિદ્ધ થાય છે. તેથી યોગ્યા-યોગ્યનો વિચાર કરીને કર્મ કરવું તે છે સત્ય કર્મ કરવું.

ત્રીજું સત્ય એટલે કાયમ. ઘણા મહાપુરુષો અને સંન્યાસીઓને આપણે કહેતા સાંભળીએ છીએ કે આ દુનિયા જૂઠી છે. આ દુનિયામાં પરમાત્મા સિવાય કશું જ નથી ત્યાં સત્યનો અર્થ કાયમ લેવાનો છે. આ પાંચ તત્વોની દુનિયામાં વૈજ્ઞાનિક રીતે પણ આપણે જાણીએ છીએ કે વસ્તુ માત્ર પરિવર્તનશીલ છે અને દરેક ક્ષણે તેનું પરિવર્તન થાય છે તેથી તેને જૂઠ અર્થાત્ પરિવર્તનશીલ કહેવામાં આવે છે. જ્યારે સત્ય અર્થાત્ કાયમ કેવળ બે જ વસ્તુ છે - આત્મા અને પરમાત્મા. અને અહીં સત્ય એટલે અનાદિ, અવિનાશી - જેને માટે ગાયન છે પવન જેને ઉડાડી નથી શકતો, અગ્નિ જને બાળી નથી શકતો, પાણી જેને ડુબાડી નથી શકતું - તેવું અસ્તિત્વ એટલે આત્મા અને પરમાત્મા.

આત્મા અને પરમાત્માને ઓળખવા સમજવા એટલે જ સત્યને ઓળખવું ગણાય અને તેથી જ આપણે કહીએ છીએ - સત્ય એ જ પરમેશ્વર. જે આત્મા રૂપમાં અને પરમાત્માની યાદમાં સ્થિત હોય છે તેનામાં વાણીની સત્યતા અને કર્મની યોગ્યતા સ્વાભાવિક જ આવે છે.

આત્મા અતિસૂક્ષ્મ નિરાકાર જ્યોતિબિંદુ રૂપ છે. આત્માના ગુણ - સત્ય સ્વરૂપ, શાંતિ સ્વરૂપ, પ્રેમ સ્વરૂપ, પવિત્ર સ્વરૂપ અને આનંદ સ્વરૂપ છે. આત્મા જ શરીર ધારણ કરીને આ કર્મક્ષેત્ર પર પોતાનો પાર્ટ બજાવવા આવે છે. પુનર્જન્મ લેતા લેતા વ્યક્તિ આત્માને ભૂલી

**(અનુસંધાન પેજ નં. 32 પર)**

# આધ્યાત્મિક કન્યા - આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહ

## બ્ર.કુ. પૂર્ણિમાબેન, નડિયાદ

નડિયાદ સબઝોન દ્વારા આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહની શરુઆત ૧૯૮૭ થી કરવામાં આવી હતી. જેનો હેતુ બી.કે. પરિવારની કન્યાઓ પોતાના લૌકિક શિક્ષણ (સ્કૂલ-કોલેજ)ની સાથે સાથે સહજ રાજયોગ, આધ્યાત્મિક જ્ઞાન અને શ્રેષ્ઠ સંસ્કારની પણ પ્રાપ્તિ કરે. જેથી બાહ્ય જીવનના આકર્ષણોથી બચે, તેમજ જીવનમાં આવનાર હર પરિસ્થિતિ અને સમસ્યાઓનું નિવારણ વિવેક બુધ્ધિ અને જ્ઞાનના બળે કરી શકે. છાત્રાલયમાં સંગઠન અને સમૂહજીવનમાં જરૂરી સાંસ્કૃતિક કૌશલ્યો અને ગુણો ધારણ કરી શકે. અહીં વ્યકિત વિકાસની અનેક પ્રવૃત્તિઓ, સ્પર્ધાઓ તેમજ પિકનિક, પ્રવાસના આયોજન દ્વારા તેઓના સર્વાંગી વિકાસનો ખ્યાલ રાખવામાં આવે છે. આ કન્યાઓની પાલના માટે ચાર-પાંચ સમર્પિત બહેનો પરિસરમાં રહીને સેવા આપે છે. અહીં ધો-૭ થી સ્નાતક સુધીની કન્યાઓને પ્રવેશ આપવામાં આવે છે. કન્યાના પરિવારમાં માતા કે પિતા યા અન્ય નજીકનાં સગા જ્ઞાનમાં ચાલતા હોવા જરૂરી છે.

છેલ્લા ૩૨ વર્ષથી ચાલતા આ શિક્ષણગૃહમાં માઉન્ટ આબુ તથા દેશ-વિદેશથી વરિષ્ઠ રાજયોગિની દાદી-દીદીઓ, વરિષ્ઠ રાજયોગી તપસ્વી ભ્રાતાઓએ પધારીને કન્યાઓને પ્રેરણાદાયી બોધ વચનો દ્વારા લાભાન્વિત કર્યા છે. સેંકડો કન્યાઓમાંથી કેટલીક કન્યાઓએ પોતાના જીવનને પરમાત્માના આ કલ્યાણકારી મિશનમાં સમર્પિત પણ કર્યું છે. સન ૨૦૦૧ થી ૨૦૦૬ પાંચ વર્ષ દરમિયાન આ પરિસરમાં બી.કે. ટીચર્સ ટ્રેનિંગ કોર્ષનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંથી લગભગ ૧૦૦ જેટલી કન્યાઓએ બ્રહ્માકુમારી સમર્પિત જીવન અપનાવ્યું છે. તેઓ વર્તમાન સમયે ગુજરાત તેમજ અન્ય દેશ-વિદેશમાં સેવારત છે.

છેલ્લા બે વર્ષ કોરોના-મહામારીના પ્રકોપને કારણે શાળા-કોલેજો બંધ રહી હોવાને કારણે અહીં રહી અભ્યાસ કરતી કન્યાઓ સ્વગૃહે પહોંચી ઓનલાઈન અભ્યાસ કરી રહી છે.

ગુજરાતમાંથી કોરોનાએ વિદાઈ લીધી હોવાથી ખુશીની વાત જણાવતાં આનંદ થાય છે કે જૂન-૨૦૨૨થી આ કન્યા શિક્ષણગૃહમાં પુનઃપ્રવેશ આપવાનું નકકી કરવામાં આવ્યું છે. અગાઉ અભ્યાસ કરનારી તેમજ નવી કન્યાઓના વાલીઓ પોતાની કન્યાઓના પ્રવેશ માટે રુબરુ યા ફોનથી સંપર્ક કરી શકે છે.

**બી.કે. સંધ્યાબેન, આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહ**
**ગુરુકૃપા સોસા., નાના કુંભનાથ રોડ, નડિયાદ**
**ફોન. ૦૨૬૮ - ૩૫૬૦૧૪૫ મો. ૯૪૦૮૯ ૭૬૬૧૭**

### કુમારીજીવન અમૂલ્યજીવન, આવો, શ્રૃંગારીએ. એક કુમારી જીવનને સો બ્રાહ્મણથી ઉત્તમ બનાવીએ.

-બી.કે. કોમલ (નડિયાદ, કન્યા છાત્રાલય)

(બ્ર.કુ. કોમલે બાર વર્ષની નાની વયે, ધો.૭ થી કન્યા છાત્રાલયમાં રહીને શાળા અને કોલેજ સુધીનો અભ્યાસ ઊંચા ગુણોથી પૂરો કર્યો. બી.સી.એ.માં ડિસ્ટીંગ્સન. માસ્ટર ડિગ્રી માટે તેના પ્રિન્સીપાલ અને પ્રોફેસરોએ ખૂબ સમજાવી છતાં એને તો યજ્ઞમાં સમર્પિત જીવનની લગની હતી. માઉન્ટ આબુમાં જઈ ટ્રેનિંગ લીધી અને છેલ્લા છ

વર્ષથી સમર્પિત જીવનના આનંદ સાથે સ્વઉન્નતિ અને સેવામાં કાર્યરત છે. આવો, એના જ શબ્દોમાં એના હૃદયના ભાવો વાંચીએ.)

લોકડાઉનથી ગુડલક સુધીની યાત્રા - એ હતી એક નવી ઉડાન સ્વયંના ભાવી નિર્માણની. એ હતો ૨૨ માર્ચ, ૨૦૨૦નો દિવસ. ૨૧ દિવસના પ્રથમ લોકડાઉનની જાહેરાતનો. આખી દુનિયા સામે નવો જ અનુભવ હતો. સૌ પોતપોતાના ઘરમાં બંધ. બાબાને આપણે કમ્પલેઈન કરતાં હતાં કે સેવાઓની ભરમાર વચ્ચે પુરુષાર્થ કરવાનો ટાઈમ જ મળતો નથી. શું કરીએ? લોકડાઉન, એ આપણી કમ્લેનનો જવાબ હતો. કન્યાઓ (વર્તમાનની આદરણીય મહારથી દાદીઓ)ને ૧૪ વર્ષની તપસ્યા ભઠ્ઠીમાં બેસાડી, તપીને તેઓ સ્વર્ણિમ પરિપકવ ચૈતન્ય મૂર્તિઓ બની ગઈ. અહીં આ લોકડાઉનને અવસર સમજી આધ્યાત્મિક શિક્ષણગૃહમાં ૧૪ દિવસની તપસ્યા-ભઠ્ઠીનું આયોજન કરવામાં આવ્યું. દિવસભર મૌન, એકાંત, અવ્યકત મુરલીઓના અભ્યાસ, મનન-મંથન, અમૃતવેલા, નુમાશામ, રાત્રિકલાસ. બસ તપસ્યા જ તપસ્યાનો ભરપૂર સમય પ્રાપ્ત થયો. સંગઠનમાં યોગના કલાકો પણ વધારી દેવામાં આવ્યા. જેમાં મનસા સેવા દ્વારા શકિતઓનું દાન કરવાનું લક્ષ્ય આપવામાં આવ્યું. સ્વયંનું ચેકીંગ અને ચેન્જીંગ પર સતત અટેન્શન (ધ્યાન) રાખવાની સૂચના તથા સ્વ-પરિવર્તનના સ્ટેપ્સનો ચાર્ટ રાખવાનું કહેવામાં આવ્યું.

સાથે-સાથે રોજ સવાર-સાંજ વ્યાયામ, પ્રાણાયમ, એક્સરસાઈઝ વગેરે દ્વારા શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન આપવામાં આવતું. લાયબ્રેરીનો ઉપયોગ કરવાનો સમય પણ મળતો રહ્યો. ઘરે બેઠાં ઓનલાઈન કલાસીસ કરવાનો અનુભવ જોઈને એવું લાગતું હતું કે દુનિયા કેવી પરિવર્તન પામી રહી છે! સોશ્યલ મિડિયાના સંચાર માધ્યમ (ટી.વી., મોબાઈલ, લેપટોપ વગેરે) દ્વારા યજ્ઞના મહારથી આત્માઓના ગૃહ્ય પુરુષાર્થના કલાસીસ ઘર બેઠાં આપણા ફ્રી ટાઈમે સાંભળવા મળતાં. તેથી તીવ્ર પુરુષાર્થની નવી યુક્તિ-પ્રયુક્તિઓ સાંભળી, ઉમંગ-ઉત્સાહમાં પૂર ઉમટતું.

સાંજનો સમય પ્રકૃતિના સાનિધ્યમાં જતો. હોસ્ટેલ પરિસરની સામેના 'આનંદ પાર્ક'માં તેમજ હોસ્ટેલની બહારના કેમ્પસમાં વિવિધ ફૂલ-છોડ, લતામંડપો તથા વૃક્ષો રોપી તેની નિયમિત દેખરેખમાં સમય પસાર થતો. ફક્ત જ્ઞાનયોગ કે યજ્ઞસેવા જ નહિ પરંતુ સામાન્ય જ્ઞાનની વૃધ્ધિ માટે કવીઝ સ્પર્ધા, પુસ્તક વાંચી તેનું દરેક કન્યા સારકથન કરે, રામાયણ - મહાભારતની સિરિયલો દ્વારા મનોરંજનની સાથે આધ્યાત્મિક જ્ઞાનબોધ-ચર્ચા ઉપરાંત મોરલ બોધ આપતી મુવી યા તો સંગીત સંધ્યાનું આયોજન અવારનવાર કરવામાં આવતું. ઈન્ડોર ગેમ્સ તેમજ 'આનંદ પાર્ક'માં ખેલકૂદ સ્પર્ધાનું પણ આયોજન થતું.

ગત વર્ષ લોકડાઉનમાં જ હોસ્ટેલના ચારે મકાનોમાં રિનોવેશન અને રંગરોગાનનું કાર્ય સંપન્ન થયું. આ કલ્યાણભવન ફરીથી સુસજજ થઈને નવી પેઢીની સુકન્યાઓનું આહવાન કરી રહ્યું છે. આવો કુમારીઓ, આ આધ્યાત્મિક શિક્ષણગૃહમાં પરમાત્માની છત્રછાયા અને સમર્પિત બહેનોની સ્નેહભરી પાલના પ્રાપ્ત કરી જીવનને શ્રેષ્ઠ બનાવવાની તક ઝડપી પ્રવેશ મેળવી લેવા માટે આપનું સ્વાગત છે.

## કળિયુગી દુનિયામાં રુહાની ફૂલોથી મહેકતો બગીચો એ છે અમારું કન્યા શિક્ષણગૃહ

- બી.કે. પૂનમ (કન્યા શિક્ષણગૃહ, નડિયાદ)

મારું વતન કચ્છ-માંડવી પાસે આવેલ બીદડા

ગામ. શાળાના શિક્ષણની સાથે-સાથે સ્થાનિક સેવા કેન્દ્રમાં પણ મમ્મી સાથે જતી. ધો.૧૨ સાયન્સ પૂરું કર્યા પછી પ્રશ્ન થયો કે સાયન્સ કોલેજમાં ક્યાં જાઉં? હોસ્ટેલમાં રહેવું પડે, તો શુધ્ધ અન્નની ધારણા તૂટે. મને બાબામાં નિશ્ચય હતો જ. સેવાકેન્દ્રની બેનને મારી મુંઝવણ જણાવી. તેમણે મને કહ્યું, નડિયાદ કન્યા છાત્રાલયમાં પ્રવેશ મળી જશે, ચિંતા ના કર. તારી ધારણાય સચવાશે અને બાબાના ઘરમાં રહી પાલના પણ મેળવી શકાશે. હું ખુશ થઈ ગઈ. તેઓ મને નડિયાદ છાત્રાલયમાં મૂકી ગયા. અહીંની સાયન્સ કોલેજમાં પ્રવેશ પણ મળી ગયો. બી.એસ.સી. ડિસ્ટિંગ્શન સાથે કરી લીધું. હોસ્ટેલમાં રહીને બાબાની પઢાઈ, પાલના અને સમર્પિત બહેનોનો પ્યાર પણ મળ્યો. અહીં સેવાનો પણ લાભ મળતો, એ મારું નસીબ. આથી વિશેષ ભાગ્યની વાત કઈ કહેવાય કે સ્ટુડન્ટ લાઈફથી શરુ થયેલી સોનેરી સ્મૃતિઓ જીવનભર મારી સાથે રહેશે. કારણ કે અહીં મળેલ પાલના, પ્રેમ અને બાબાની છત્રછાયા મને સમર્પિત જીવન સુધી દોરી ગઈ.

કન્યા છાત્રાલયમાં નિવાસ દરમિયાન અમને એ વાતનો પાકો નિશ્ચય થઈ જતો હોય છે કે શ્રેષ્ઠ ભાગ્ય તો પ્રભુ સમર્પિત જીવન દ્વારા જ બનતું હોય છે. તેથી જીવનને દિવ્યગુણોની રંગોળીથી જ શણગારવું જોઈએ. મતલબ પ્રભુની છત્રછાયા વિનાનું કળિયુગી જીવન બરબારદીનો જ માર્ગ છે.

કોલેજનું લૌકિક શિક્ષણ પૂરું થયે હું ઘેર જતી રહી. અહીંની સમર્પિત બહેનો, મામા તથા દાદાએ મને અહીં રોકાઈ જવા અને માસ્ટર ડિગ્રી કરવી હોય તો તેની પણ છૂટ આપીને ખૂબ સમજાવી પરંતુ મને સર્વિસ કરવાનો શોખ હતો તેથી કોઈની વાત કાને ધરી નહિ. માયાના તોફાનો પણ ઓછા નથી હોતા. ડ્રામા, મને સ્કૂલમાં નોકરી મળી ગઈ, કમાતી થઈ ગઈ. છ મહિના પછી કોરોનાનો કહર શરૂ થઈ ગયો. દુનિયા સ્તબ્ધ! શાળા, કોલેજ, સેન્ટર બધું જ બંધ. ઘરમાં જ પુરાઈ રહેવાનું. મને થયું નડિયાદની કન્યા હોસ્ટેલ છોડી એ ખોટું થયું. સર્વિસના મોહમાં પડીને ખોટો નિર્ણય લેવાઈ ગયો. દુનિયાનો માહોલ જોતાં મનમાં સ્પષ્ટ થઈ ગયું કે બાબા કહી રહ્યા છે તેમ 'અતિકે બાદ અંત'ની નિશાનીઓ પ્રત્યક્ષ થઈ રહી છે. હવે હું શું કરીશ? બાબા પોતાને ત્યાં નહિ બોલાવે તો? કેટલાં સ્નેહભાવથી મને રોકાઈ જવા કહ્યું હતું? મારી સાથેની ચાર કન્યાઓ તો માઉન્ટ આબુ, શાંતિવનમાં જઈને ટ્રેનિંગ પણ કરીને સેન્ટરમાં જ સેવા આપી રહી હતી. ને હું અવસર ચૂકી ગઈ. એકલી બેસીને આંસુ સારતી. બાબાના ઘર અને સમર્પિત જીવનથી હું વંચિત રહી જઈશ? આ વિચાર મારા હૃદયને હચમચાવી જતો. વરિષ્ઠોની સલાહની મેંજ અવગણના કરી. મારા આસું અને પશ્ચાતાપની જાણ બાબા સુધી તો પહોંચી જ હશે. એ તો જાની જાનનહાર છે ને?

મમ્મી, પપ્પા અને ભાઈઓને મેં એક ધડકથી જણાવી દીધું, મેં અત્યારે ને અત્યારે જ સમર્પિત થવાનો નિર્ણય લીધો છે. મને નડિયાદ કન્યા છાત્રાલયમા જવાની સંમતિ આપો. ઘરના લોકો મને તાકી જ રહ્યા. કોઈએ મારી વાતનો વિરોધ કર્યો તો કોઈ વળી માની ગયું કે એના જીવનનો ફેંસલો ભલે એને કરવા દો. મારી દીદીએ નડિયાદ બી.કે. સંધ્યાબેનને ફોન કર્યો કે પૂનમ તમારે ત્યાં આવવા માંગે છે અને સમર્પિત જીવનનો નિર્ણય લીધો છે. સંધ્યાબેને ખુશીથી હા પાડી. બીદડા સેવાકેન્દ્રની સંચાલિકા બી.કે. જાગૃતિબેને મને સોનેરી શિખામણ આપી કે,

● બ્રહ્માકુમારી જીવન તલવારની ધાર પર

ચાલવા જેવું છે. પળે-પળે જીવનનું એક એક પગલું શ્રીમત અને મર્યાદાપૂર્વકનું હશે તો જ બાબાનો હાથ અને સાથ - સહારો મળશે.

● ઝૂકવું પડશે, નમવું પડશે અને પુરાના સંસ્કાર-સ્વભાવથી મરવું પડશે.

● એક વાર સેન્ટર પર આવી ગઈ પછી ગમે તેવી પરીક્ષા કે પરિસ્થિતિ આવે, અંગદની જેમ અચલ-અડોલ રહેવાની તૈયારી જોઈશે. બાબાનો હાથ પકડી રાખજે. તો જીતી જઈશ.

● નડિયાદ સેવાકેન્દ્ર અને કન્યા છાત્રાલયમાં આવ્યાને દોઢ વર્ષ ખુશી ઉમંગમાં પસાર થઈ ગયું. સમર્પિત જીવનના ભાગ્યનું મને ગૌરવ છે. હું એ આત્માઓની શુક્રિયા અદા કરું છું જેઓએ મને બાબાના ઘર સુધી પહોંચાડી.

## સાચી ગોપી બનવાનું ભાગ્ય

- કુમારી.ગોપી (રાજકોટ)

મારું લૌકિક નામ ગોપી. છેલ્લા પાંચ વર્ષથી કન્યા હોસ્ટેલ, નડિયાદમાં રહેવાનો મારો અનુભવ વ્યકત કરતાં મને ખુશી થાય છે. આમ તો કહેવાય છે કે 'સ્કૂલ લાઈફ ઈઝ ધી બેસ્ટ લાઈફ'. પરંતુ હું કહીશ કે 'બી.કે. હોસ્ટેલ લાઈફ ઈઝ ધ બેસ્ટ લાઈફ'.

વર્ષ ૨૦૧૭માં હું નડિયાદ કન્યા છાત્રાલયમાં રહેવા આવી ગઈ. શરુઆતના દિવસોમાં મને જરાય ગમતું નહોતું. હું રોજ ઘણું રડતી. અહીં સૌ કહેતા કે આટ આટલી કુમારીઓ આવીને રહી પણ આના જેવું તો કોઈ જ રડયું નથી. ગમે તેટલું સમજાવે પણ હું રડતી જ રહેતી અને એક જ રટણ, 'મારે રાજકોટ જાવું છે. અહીં નથી રહેવું.'

આ પાંચ વર્ષમાં હું ઘણું બધું શીખી ગઈ. સંગઠનમાં કેમ રહેવું - હળી મળીને. ઉપરાંત જ્ઞાન-યોગમાં પરિપકવ બનવા લાગી. સ્વચ્છતા, હોસ્ટેલની સફાઈ, વ્યવહારની સફાઈ, મર્યાદાઓ અને બી.કે. લાઈફની શ્રેષ્ઠતા. બધું જ સમજી ગઈ. અહીંની પ્રવૃત્તિઓ - નૃત્ય, નાટિકા, રાસ, ગરબા, ઝાંખી, ખેલકૂદ, સ્પર્ધા બધામાં હું ભાગ લેતી. 'કૃષ્ણ - સુદામા મૈત્રી' નામના નાટકમાં મને સુદામાનો રોલ મળ્યો હતો. મારા અભિનયના બધી જ બહેનો, વડિલો, સૌએ ખૂબ વખાણ કર્યા હતાં. લૌકિક અને અલૌકિક બન્ને પઢાઈમાં મને રસ રુચિ છે. રોજ મુરલી, અમૃતવેલા, નુમાશામ, યોગ વગેરેમાં હું નિયમિત પરુષાર્થ કરું છું. ઘરે આપણા માતા-પિતા, ભાઈ-ભાંડુ વચ્ચે રહેવાથી આપણે પોતાના સ્વભાવ, સંસ્કારને નથી ઓળખી શકતાં કે નથી પરિવર્તન કરી શકતાં. બધાં વચ્ચે સંગઠનમાં રહીએ ત્યારે ખબર પડે છે કે આપણે કયાં છીએ? કયા દોષ અને કઈ વિશેષતા છે. તે ઓળખવા મળે છે. આજ્ઞાંકિતતા, સચ્ચાઈ, સફાઈ, પ્રમાણિકતા, કમ બોલો ધીરે બોલો એવા ગુણો ધારણ કરવાનું શીખીએ છીએ. સિનિયર બી.કે. બહેનોનો પુરુષાર્થ, બાબા પ્રત્યેની તેમની લગની તથા તેમનામાં રહેલી આવડત જોઈને પણ ઘણુંશીખવાનું મળે છે. બાળપણથી મારો ઉછેર સેન્ટરના સંપર્કથી થયો. મુરલી વાંચીને ભાઈ-બહેનોને સંભળાવતી. સૌ કહેતાં આ કન્યા બ્રહ્માકુમારી જરૂર બનશે.

પછી તો સાતમાં ધોરણથી હું નડિયાદ હોસ્ટેલમાં આવી ગઈ. બાબાએ એક મુરલીમાં કહ્યું છે તેમ 'કુમારીઓંકો તો બાપદાદા દિલકી ડિબ્બીમેં રખતા હૈ.' વિચારો, ભગવાનની નજરમાં કુમારીઓનું સ્થાન કેવું મહાન છે. આથી વિશેષ બીજું કયું ભાગ્ય હોઈ શકે? કુમારીઓ છે તો સેન્ટરની રોનક છે. મને એ વાતનો નશો છે કે

**(અનુસંધાન પેજ નં. 18 પર)**

# વિચાર

બ્ર.કુ. ડૉ. રાજેન્દ્ર એચ. ત્રિવેદી, રાજકોટ

## 'વિચારો' એ જ જીવનની જડી બુટ્ટી છે 'હકારાત્મક વિચારને સ્થાન આપો નહીં કે ખંડનાત્મક વિચારને'

વિચાર એ સતત ચાલતી અહર્નીશ પ્રક્રિયા છે. વિચાર વંત વ્યક્તિ હંમેશા કંઈક કરવા માટે સતત પ્રેરણાસ્રોત હોય છે. માનવીનું જીવન વિચારોથી ચાલતું હોય છે. વિચારોથી ઘડાય છે. રીતભાત રહેણીકરણી જીવનનો ઘાટ વગેરે વિચારો સમર્થિત હોય છે. સારા વિચારો હોય તે સારો માનવી હોય છે.

આર્કિટેક મકાનનું પ્લાનીગ કરે ત્યારે તે તેના વિચારો આધારિત પ્લાનીંગ કરે છે તેના પ્લાનીંગ દરમિયાન વિચારોમાં સંપૂર્ણ ઓતપ્રોત થઈ જતા હોય છે. ત્યારે તે જગ્યા આધારિત-માપ, આધારિત સુંદર પ્લાનીંગ કરે છે પણ તેમાં પણ ઈચ્છા આધારિત પ્લાનીંગ ન કરી શકે. તેમાં પણ નિયમો-પરિસ્થિતિ અનુસાર પ્લાનીંગ થઈ શકે નહીં કે પોતાની ઈચ્છા અનુસાર. એ જ રીતે મનમાં અનેક વિચારોના ઘોડા પૂર દોડતા હોય છે પણ આ ઉદ્દભવતા વિચારોની પણ મર્યાદા હોય છે દરેક વ્યક્તિ અલગ અલગ વિચાર કરે પણ ઉદ્દભવતા વિચારોમાં પણ ક્યાંક ને ક્યાંક મર્યાદાઓ રહેલી હોય છે અને મર્યાદાને ચોક્કસ સ્થાન પણ હોવું જોઈએ.

માનવીને તેના જીવનમાં જે કંઈક મેળવે કે પ્રાપ્ત કરે તે તેના વૈચારિક મનન મંથન દ્વારા જ પ્રાપ્ત કરી શકે છે. તમારું દરેક વર્તન તમારા વિચાર દ્વારા જ જન્મે છે. ત્યાર બાદ તે વાસ્તવિક નિરૂપણ પ્રાપ્ત કરે છે. માનવીને તેના વિચારો જ ક્રાંતિ લાવી શકે છે. વિચાર પર પણ નજર ખૂબ જ જરૂરી છે. તમને લાગશે વિચાર પર નજર ? હા, ચોક્કસ જો નબળા વિચાર આવે તે વિચાર ન અટકાવીએ તો તે વિચાર આપણા માનસપટ પર હાવી થઈ જાય છે. નબળા વિચાર આવ્યા કરે તો માનવી કદી મજબૂત - સબળો થઈ શકતો નથી. ખૂબ જ નજીકથી તમે તમારા વિચાર સાથે જોશે, તો ખ્યાલ આવશે કે તમારા વિચાર તમારી સાથે ખૂબ જ નજીકથી વાતો કરતા હોય છે. આપણે જે કંઈ છીએ - જે કંઈ મેળવીએ છીએ કે પ્રાપ્ત કરીએ છીએ તે આપણા વિચારો થકી જ હોય છે. માટે કદી તમારા મનની વિચાર-વિમર્શતાને નબળી ન પડવા દેવી. જો તમારા વિચારો નકારાત્મક હશે તો તમે કદી મજબૂત - સબળા - હકારાત્મક નહીં થાવ.

અમુક અમુક વિચારો સમયાન્તરે ખંખેરવા જોઈએ. જો યોગ્ય ન હોય તેવા વિચારો આપણે ખંખેરીએ નહીં તો તે વિચારો (નબળા) આપણી સાથે જ રહે છે. કોઈ કહે આ માણસ ખૂબ જ્ઞાની છે અરે જ્ઞાન એ પણ એક વિચારોનું જ ભાથું છે. જ્ઞાન એ વિચારોનું જ પરિપક્વ રૂપ છે. માનવીએ તેના વિચારો સાથે પણ નજીકથી અભિવ્યક્તિ કેળવવી જોઈએ કારણ કે આપણા વિચારો એ પોઝીટીવ છે કે નેગેટીવ? આ બાબતે આપણે પોતે વિચારવું જોઈએ. ગમે તેવા મહાન વ્યક્તિ હોય તેને પણ નેગેટીવ વિચાર આવ્યા જ હોય પણ એટલો ચોક્કસ ખ્યાલ રાખવો કે આ નબળો વિચાર છે તે વિચારથી આપણે દૂર થઈ જવું.

ઘણીવાર આપણી આસપાસનું વાતાવરણ, આપણી આસપાસના મિત્રો, બનતી ઘટનાઓ,

આપણને થયેલ અનુભવો એ આપણી માનસિકતા કે વિચારોમાં કંઈક ને કંઈક ઋણાનુંબંધન હોય છે. ઘણી વખત અમુક ઘટનામાં આપણે કહીએ છીએ કે હું હોય તો આવું ના કરું. હું હોય તો આવું ના થવા દેત! આવા વિચારો આપણને અંત તરફ લઈ જાય અને અનંત તરફ પણ લઈ જાય. જ્યારે જ્યારે માનવી કોઈની હત્યા કરે છે ત્યારે તે ખૂબ વિચારોના વંટોળ તેના માનસપટ પર સવાર થઈ ગયા હોય છે. સતત તેના વિચારોનાં અંતે તે આખરી અંજામ તરફ પ્રેરાય છે. અને હત્યાને મૂર્તિમંત રૂપ આપે છે. જે વિચારોનું જ રૂપ છે.

ખાસ વાત એ છે કે આજના યુગમાં હકારાત્મક અભિગમો - હકારાત્મક વિચાર ખૂબ જ જરૂરી છે. પરિવાર માટે - કુટુંબ માટે - સમાજ માટે - અરે તમારા મારા માટે પણ આજના અતિ તીવ્ર ઝડપી સમયમાં દરેક આર્થિક સુખી પરિવાર - વ્યક્તિને સાયકોલોજીસ્ટની ખૂબ જ જરૂર હોય છે. કારણ કે હવેના ઘરોમાં વડીલ નથી. વડીલોની વાતને સ્થાન નથી. પહેલાં સંયુક્ત પરિવાર હતું. તેમાં વડીલો હતા. તે માર્ગદર્શન સલાહ-સૂચન આપતા (સાચું કે ખોટું) જ્યારે આજે માનવી એકલો થઈ ગયો છે. કોઈની વાત પર ભરોસો કરતો નથી. અને ભરોસો કરે તો પણ માઠા પરિણામો આવે છે. એટલું ખાસ કે આજે માણસ માણસ પરિવાર - તમારા સાથી કે નજીકના મિત્રોથી નજીક રહો અને તેના વિચારોનું પણ અનુકરણીય હકારાત્મક ભાવાત્મક વાતને સ્વીકારો તો ખૂબ મજા આવશે. ફરી કહું છું હકારાત્મક વિચાર તમારી જિંદગીને ચોક્કસ બદલી આપે છે. વિચારો તો આવવાના. સારા અને ખરાબ પણ. ખરાબ વિચારોને દૂર કરવા તેના પર કોઈ મનની પ્રતિક્રિયા ન આપવી. આપણે પ્રભુને દરરોજ પ્રાર્થના કરવી કે મને ચારે દિશાઓથી સારા વિચારો પ્રાપ્ત થાય અને હકારાત્મક વિચારથી તમારી જિંદગી ઈચ્છો તેવો આકાર પ્રાપ્ત કરી શકશે. માનવીને થોડીવાર ક્રોધ આવે તેની શરીર-મન-ચહેરા પર ખૂબ જ અસર થાય છે. માનવી જ્યારે પ્રફુલિત હોય. આનંદિત હોય ત્યારે પણ મન - ચહેરા પર અન્ય અસર હોય છે. મારી લાગણી - વિચાર તમારા મન પર ચોક્કસ કંઈક ને કંઈક છાપ લાવે છે.

હકારાત્મક વિચાર - ભાવ તમારી જિંદગીની કરવટ ચોક્કસ બદલે છે. આ માટે ધ્યાન, પ્રાર્થના પણ સ્થિરતા લાવે છે. ધ્યાન-પ્રાર્થના - સુસંસ્કારી વાંચન તમારા સારા વિચારોને લાંબા સમય સુધી ટકાવી રાખે છે. વિચાર તેવું મન - મન તેવું આચરણ - જે સંપૂર્ણ સત્ય - તાર્કિક અને વિજ્ઞાને પણ સ્વીકારેલ છે.

નબળા વિચારો એ ઈર્ષા. અદેખાય, જુઠીવાત, ક્રોધ-સ્વાર્થ-દુખી થવું - અસફળતા - ચોરી - લુચ્ચાઈ વગેરે ને લાવે છે. જ્યારે હકારાત્મક વિચારો સફળતા - નિર્ભયતા - શાંતિ - સુખ - લોકપ્રિયતા - પ્રેમ વગેરેનું મૂલ્યવાન સર્જન કરે છે માટે સારા વિચારો એ સુખની માસ્ટર કી છે. મિત્રો ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવા માટે ટૂંકા વિચારોને કદી સ્થાન ના આપવું. સારું સારું હકારાત્મક વિચાર કરનાર વ્યક્તિ ચોક્કસ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકે છે. લુચ્ચો - પાખંડી - સ્વાર્થી માણસ હંમેશા માનવીથી દૂર થા છે. ખુલ્લો પડી જાય છે. તેની નજીક કોઈ નથી હોતું. માટે હકારાત્મક અભિગમ તથા પ્રાર્થના આપણી અને આપણા પરિવારને - સમાજમાં ઉચ્ચ સ્થાન અપાવે છે. માટે જિંદગીમાં હંમેશા હકારાત્મક વિચારોને જ સ્થાન આપવું.

**॥ ઓમશાંતિ ॥**

દિવ્યદર્શન

# સંજયની ડાયરીમાંથી - પુનઃ સંજયની કલમ..

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

યજ્ઞના આદિરત્ન, યુગપુરૂષ, સંજય, ગણેશ, આદરણીય રાજયોગી ભ્રાતા બ્રહ્માકુમાર જગદીશભાઈજી (બ્રહ્માકુમારીઝ સંસ્થાના સૌ પ્રથમ મુખ્ય પ્રવક્તા)ને શત-શત, કોટી-કોટી, વંદન... શ્રદ્ધાના ભાવો... સુમનના સ્પંદન... હવે માત્ર રહ્યાં...કલમનાં સથવારે....

(આદરણીય ભ્રાતાજીની પરદેશની યાત્રાઓના સંભારણાઓના વિશેષ સંકલનમાંથી...)

## બાબા હી હમારા સંસાર હૈ

એક બાબા હી હમારા સંસાર હૈ. આ ગીતના થોડા શબ્દોમાં પણ ઘણું બધું જ્ઞાનનું રહસ્ય સમાયેલું છે. એક બાબા હી હમારા સંસાર હૈ. આ વાક્યનો અર્થ શું થાય ? શબ્દાર્થને તો કંઈ પણ અર્થ આપીને કહી દેવાય. કોઈ તેને ગમે તે ભાવે કહે. પણ આ જ્ઞાન જેમણે સાંભળ્યું કે સમજ્યું નથી તે વ્યક્તિ આનો ભાવાર્થ નહીં સમજી શકે કે બાબા કેવી રીતે આપણો સંસાર છે. સંસાર તો એક અલગ વસ્તુ છે અને બાબા તો અલગ જ પ્રતિભા છે. એક બાબા આપણો સંસાર છે. એક જ બાબા આપણો સંસાર છે. એક બાબા જ આપણો સંસાર છે. જો આટલું યાદ રાખી લઈએ તો બેડો પાર થઈ જાય, આત્માનું કલ્યાણ થઈ જાય.

## ભલે, તેઓ નિરક્ષરી છે પણ ભટ્ટાચાર્ય છે

તે જમાનામાં ભારતમાં એક ફિલ્મ પ્રદર્શિત થઈ હતી. તે વખતે દિવાલો પર ફિલ્મોના નામ લખવામાં આવતા. તે સમયે એક બહેન જ્યારે દિલ્હીથી મધુબન આવતી ત્યારે, તે બધી ફિલ્મોના નામ બાબાને બતાવતી હતી અને કહેતી હતી કે, અત્યારે આ ફિલ્મો પ્રકાશિત થઈ છે. બાબાને ફિલ્મો સાથે શું નિસબત હોય ? આતો જ્ઞાનની વિરોધાભાષક વાતો છે. પરંતુ બાબા એ વાતો સાંભળીને ત્યારબાદ તેના ઉપર વિશેષ સમજૂતી આપતાં. જો તમે ખાસ ધ્યાનદોર્યું હોય તો, દુનિયાના જે ફિલ્મી ગીતો છે તેનો પણ બાબાએ સુંદર કેવો આધ્યાત્મિક અર્થ બતાવ્યો છે. તે સમયે એક ફિલ્મ આવી હતી - 'અનપઢ', બીજી હતી - 'મૈં ચૂપ રહુંગી.' બાબાએ કહ્યું - 'મૈં અનપઢ હું ઔર મૈં ચુપ રહુંગી' આ બન્ને વાક્યો તો તમારા ઉપર જ લાગુ પડે છે. આ ફિલ્મો તમારા કારણે અને તમારા માટે જ બનાવવામાં આવી છે. ઘરડી-ઘરડી માતાઓ છે, કે જેઓ બીજું તો કશું લખી વાંચી શકતી નથી. બીજી કોઈ વાતોની ખાસ સમજણ પણ પડતી નથી. ગામડાઓમાંથી આવે છે એટલે નિરક્ષર ભટ્ટાચાર્ય છે. ભટ્ટાચાર્યનો અર્થ સમજો છો? ભટ્ટાચાર્યનો અર્થ થાય છે - ખૂબ મોટા વિદ્વાન. પરંતુ અહીંઆ તો ઘરડી-ઘરડી માતાઓ નિરક્ષર ભટ્ટાચાર્ય છે. કંઈ જ ખબર નથી. અક્ષર-જ્ઞાન પણ નથી પરંતુ છે મોટી વિદ્વાન. કારણકે સર્વોચ્ચ શક્તિ ઉંચામાં ઉંચા પરમાત્માને ઓળખી લીધા છે.

જ્યારે હું જ્ઞાનમાં આવ્યો ત્યારે બાબાએ કહ્યું, યહ બચ્ચે કી બુદ્ધિ મેં ભૂસા ભરા હૈ ત્યારે મને થયું કે મારી બુદ્ધિમાં ક્યાં ભૂસું ભરાયું છે? તો તેને બહાર કાઢી નાખું. એક ભૂસું તો એને કહેવાય જે ગાય-ભેંસને ખવડાવવામાં આવે છે. પણ અહીં જે ઉંધું જ્ઞાનવાળું ભૂસું ભરેલું છે, જે બિલકુલ ફેંકી

દેવા જેવું ભૂસું છે. જે ગાય-ભેંસને ખવડાવવા માટે પણ કામમાં આવતું નથી તેવું આ સડેલું ભૂસું છે. જો સડેલું ભૂસું ગાય પાસે ચારો બનાવીને આપશો, તો તે સૂંઘીને ભૂખી રહેશે પણ તે ખાશે નહીં. આપણી બુદ્ધિમાં ઉંઘું જ્ઞાન ભરાયેલું છે. જે એક પ્રકારે આ ભૂસું જ છે. અને તે પણ સડેલું. મેં વિચાર્યું કે આ તો ઘણું અઘરું કામ થઈ ગયું કે સડેલા ભૂસાને મગજમાંથી બહાર કાઢવાનું. આવી બાબાની વાતો મારા માટે બહુ અજબ અને અનોખી હતી.

## પ્રેમની પણ પીડા થાય છે

એક સમયે અમે લંડનમાં હતા ત્યારની વાત છે. બીજા દિવસે અમારે ઓક્સફોર્ડની રિટ્રીટ સેન્ટરમાં જવાનું હતું. ત્યારે મને ખબર પડી એક બહેન (જેમને હું અગાઉથી ખૂબ સારી રીતે જાણતો હતો) તેના સમાચાર મળ્યાં કે તે હવે સેવાઓ માટે સમર્પિત થઈ છે. તો મેં તે બહેનને પૂછ્યું કે - તમે 'પ્રેમગલી'માંથી પસાર થયા છો? તેમને હિન્દી એટલું સારું આવડતું ન હતું. એટલે તેઓ એમ સમજ્યાં કે 'પ્રેમગલી' કોઈ ગલીનું નામ હશે. તેમની બાજુમાં એક બીજા બહેન ઉભા હતા. તેમણે પૂછ્યું, 'પ્રેમગલી' ક્યાં આવી? મેં કહ્યું, કોઈ વાત નહીં. પ્રેમગલીના વિશે ના ખબર હોય તો, પ્રેમની પીડા કે પ્રેમનું દુઃખ-દર્દનો અનુભવ થયો છે? ત્યારે તે બહેને પૂછ્યું કે પ્રેમથી દર્દ કેમ થાય છે? ત્યારે બીજી બહેને કહ્યું - જુઓ, મીરાબાઈનું ગીત છે ને, 'મૈં તો હુઈ પ્રેમ દિવાની, મેરા દર્દ ન જાણે કોઈ' હાં છે, ને આવું ગીત મીરાનું ? પ્રેમનું પણ દુઃખ-દર્દ હોય છે. પ્રભુ-પ્રેમની આ અગ્નિ ઓલવવાથી નથી ઓલાતી. આ પ્રેમની આગ હેરાન-પરેશાન કરી મૂકે તેવી હોય છે. જેને આ પ્રેમની આગ લાગ થાય તે પછી ક્યારેય ઓલવાતી નથી. પ્રભુ-પ્રેમની આગ સારી, દુનિયાની ઈચ્છાઓને પૂરી કરી દે છે. એક ગીત એવું જ છે કે - હે પ્રભુ, તમારો મારી સાથે જે પ્રેમ છે, તે ફક્ત એક તમે જ જાણો છો અને એક હું જ જાણું છું. બીજું કોઈ આ પ્રેમ વિશે જાણતું જ નથી. તમને લાગે છે કે, બાબાની સાથે મારો એટલો બધો પ્રેમ છે? બાબા પણ તમને એટલો બધો અઢળક પ્રેમ કરે છે, કે મારા વિના બાબા પણ રહી ન શકે. બાબાને પણ ઉંઘ ન આવે. ભગવાન તો ક્યારેય ઉંઘતા જ નથી. કારણ બાળકો સાથે તેમનો અઘાટ પ્રેમ છે, જે તેમને એટલા બધા યાદ કરે છે, તો તે કેવી રીતે સૂઈ જાય કે વિશ્રામ કરે? આ જો એક જ વાત પ્રભુપ્રેમની યાદ રહી જાય તો પણ ઓહો... પ્રભુ પ્યાર... તેનો મારી સાથે અઢળક પ્રેમ છે અને મારો તેમની સાથે પ્રેમ છે, તો પછી તે વ્યક્તિનું કલ્યાણ જ થઈ જાય, ઉદ્ધાર થઈ જાય. આ જે બધા બાબાના પ્રેમના ગીતો બન્યાં છે તે બહુ જ સાર્થક છે, બહુ જ પ્રેરણા આપનારા છે. વ્યક્તિને જીવનમાં આગળ વધારે તેવા ગીતો બનેલ છે.

## તમે તો ગોળ કરતાં પણ વધુ ગળ્યાં છો

થોડા દિવસો સુધી જ્ઞાનની મીઠી ચર્ચાઓ કરી, સૌ એકબીજાને મળ્યા, રૂહરૂહાન કરી. બાબાના ગુણોની ગાથા ગાઈ. આજે મને લંડન નિવાસી પાછો ભારત મોકલી રહ્યા છે. આજે હું ભારત પરત ફરી રહ્યો છો એટલે મેં એમ વિચાર્યું કે, તમને સૌને એક વાર મળીને જઉં. બરોબરને? કારણ કે, તમારા સાથે મને પ્રેમ થઈ ગયો છે. જ્યાં પ્યાર હોય ત્યાં આવું જ હોય. સૌ લંડન-નિવાસીઓની યાદ સદાય મને રહેશે. સૌનો સ્નેહ મને મળ્યો. સહયોગ મળ્યો. આ બાબાની ખુશ્બુદાર ફુલવાડી છે. કેટલા સુંદર માળી મળ્યા છે? બાબા તો છે જ સુંદર. દાદી જાનકીજી તમને સૌને મળ્યા છે, તો ખરેખર તમે ખૂબ નસીબદાર છો. આપને તેમની જે પાલના મળી રહી છે. હું પણ અહીં રહ્યો, મને પણ લાભ મળ્યો, સદાય તેમના

દ્વારા મને તો લાભ મળે જ છે. આપ સૌનો જે પારિવારીક પ્રેમ છે, સ્નેહ છે, તે દુનિયાના બીજા કોઈ દેશોમાં જોવા મળતો નથી. ભારતમાં તો છે જ, કારણ કે ભારતવાસીઓની તો આ મોટી વિશેષતા છે. અહીં તો એક-એક બાબાના બાળકો મીઠા બાળકો છે. એકબીજાથી ચડીયાતા છે. એક વ્યક્તિએ એક માંને પ્રશ્ન પૂછ્યો - અમારા બધા બાળકોમાંથી કયો બાળક વધુ ગમે છે? ત્યારે માંએ ઉત્તર આપ્યો કે ગોળનો આખો રવો લઈ આવો. તે ભાઈ ગોળનો મોટો રવો લાવ્યા. માં કહ્યું કે, ગોળના રવાના આ બાજુથી તોડીને ચાખો. તે ભાઈએ તે બાજુથી ગોળ તોડીને ખાધો અને કહ્યું કે ગળ્યો છે. પછી કહ્યું આ બીજા ભાગ તરફથી ચાખો તો એક સરખો ગળ્યો જ લાગવાનો છે. તમે સૌ તો ગોળથી પણ વધુ મીઠા છો, એટલી બધી મીઠાશ તમારા (લંડન નિવાસીઓ) છે. જો હવે, એક પણ દિવસ વધારે અહીં રોકાઉં તો મુશ્કેલી થઈ જશે. તમારી મારી સાથે અને મારી તમારી સાથે મોહ-મમતા થઈ. હવે તો જલદી અહીંથી રજા લેવામાં જ ફાયદો છે. તમે સૌએ મને ખૂબ-ખૂબ સ્નેહ આપ્યો. સહયોગ આપ્યો. તે માટે આભાર. સૌને ઘણું બધું શીખવતા ગયા હવે તો માત્ર યાદો જ સંભારણું બની રહેશે. હૃદયના પુષ્પોથી દિવ્ય આત્માને શત્ શત્ નમન....

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 23નું અનુસંધાન)... સત્યની ઓળખ

શરીરના ભાનમાં આવી જાય છે. તેથી આત્માનો સત્ય અર્થાત્ અવિનાશીપણાના ગુણ રહેવા છતાં તે વાણી અને કર્મની સત્યતા ગુમાવી દે છે. આત્માની વિસ્મૃતિ થઈ જાય છે અને શરીર ભાનમાં જ સ્થિત થઈ કર્મ કરે છે.

પરમાત્મા પણ નિરાકાર જ્યોતિ બિંદુ સ્વરૂપ અનાદિ અવિનાશી છે. જન્મ મરણ રહિત છે. તેથી પરમાત્માને સદાશિવ અર્થાત્ હંમેશા કલ્યાણકારી કહેવામાં આવે છે. સત્યમ્ શિવમ્ સુંદરમ્ કહેવામાં આવે છે. જે હંમેશા સત્ય છે, કલ્યાણકારી છે, જેનું અસ્તિત્વ કાયમ છે તે સદા સુંદર પણ છે તેથી પરમાત્માની વાણી અને કર્મ પણ સદા સત્ય છે.

આપણે જાણીએ છીએ - જેવો સંગ તેવો રંગ. પરમાત્માની સ્મૃતિ અર્થાત્ યાદ દ્વારા સંગ કરવાથી પરમાત્માનો સત્યતાનો ગુણ આપણી અંદર આવે છે. આત્માની સ્મૃતિમાં રહેવાની શક્તિ પણ આવે છે. અને જેમ પરમાત્માની યાદમાં આત્મિક રૂપમાં સ્થિત થતા જઈએ તેમ તેમ આત્મા શક્તિશાળી બને છે. અને આ જૂઠની દુનિયામાં જેને માટે ગાયન છે કે જૂઠી માયા, જૂઠી કાયા, જૂઠા સબ સંસાર, આવી દુનિયામાં પણ સત્યની જ્યોતિ દ્વારા પ્રકાશ પાથરવા કટિબદ્ધ થાય છે.

॥ ઓમશાંતિ ॥

- **મીઠાં બાળકો - મનની શક્તિનું દર્પણ ચહેરો અર્થાત્ મુખ છે. જે મનમાં હોય છે એની ઝલક ચહેરા પર અવશ્ય આવે છે. અગર મનમાં ખુશી છે તો ચહેરો ઉદાસ નથી હોતો. માટે જે કંઈ મળ્યું છે, જે મેળવ્યું છે એની ખુશીમાં રહો, ઉદાસ નહીં રહો.**
- **મીઠાં બાળકો - પુરુષાર્થના બેહદ (વિશાળ) માર્ગને, વાંકા માર્ગને સીધો બનાવવો એ તમારું કાર્ય છે. આ વાંકા માર્ગમાં હાર ખાવી અર્થાત્ પરેશાન થવું એ કમજોરી છે. કમજોરીના બોલ તમારી ભાષા નથી, મુશ્કેલને સહજ કરવું, હિમાલય પર્વત જેટલી મોટી સમસ્યાને પણ સહજ પાર કરવી એ જ તમારા બાળકોનાં ધર્મ અને કર્મ છે.**

(પેજ નં. 22નું અનુસંધાન)... ઈશ્વરીય જ્ઞાન -

એકરસ સ્થિતિથી અચલ-અડોલ રહેવાની પ્રેરણા આપતા રહ્યા.

બાબા-મમ્મા, દીદી-દાદી, મોહિની દીદી - મુન્ની દીદી સાથે ઇશુદાદી એવી રીતે રહ્યાં જે રીતે જે પાત્રમાં પાણી નાંખો, પાણી એ જ રૂપ ધારણ કરી તેમાં સમાઈ જાય. પરિસ્થિતિ પ્રમાણે ઢળવાવાળાં 'મોલ્ડ સો રિયલ ગોલ્ડ' દાદી 'સહનશક્તિની મૂર્તિ" બની, સંગઠનમાં સાથે રહી બધાનો સાથ નિભાવતાં. તેઓ દરેક સંસ્કારના આત્મા સાથે ભળી જતાં. વાતોને સાગર સમાન વિશાળ હૃદયમાં સમાવી, વ્યર્થને સેકન્ડમાં ફૂલસ્ટોપ લગાવી દેતાં. દાદી તો પરમાત્મ જ્ઞાનભંડાર વધારનાર અને યજ્ઞ-ભંડારીનાં રક્ષક હતાં. મધુબનમાં આવતાં જ દાદીને ભંડારી સોંપીને બધાં નિશ્ચિંત થઈ જતાં. છેલ્લા દિવસો પહેલા તે બાળકોની જેમ આનંદપૂર્વક હસતા-હસાવતા અને પ્રસન્નતાના ફુવારો વિખેરી દેતાં. ધીર-ગંભીર હોવા છતાં રમણીકતા-અંતર્મુખતાના અદ્દ્ભુત સંતુલન સાધી છેલ્લે તેઓ આધ્યાત્મિક સાધનાની પરાકાષ્ઠાને સ્પર્શ કરી ગયા. બાબા-મમ્મા અને દીદી-દાદીના આજ્ઞાકારી ઈશુદાદીજી ગંભીરતાના પ્રતિમૂર્તિ અને ઈમાનદારી-વફાદારીના સાક્ષાત દેવી હતા. એવા એકનામી-ઈકોનામીનાં અવતાર, શાંતિનાં ઉત્તમ ઉદાહરણ ઇશુદાદીજી સતગુરૂવાર 6 મે 2021ના રોજ રાત્રે 8 કલાકે બાપદાદાની ગોદમાં સમાઈ ગયા આગળની વિશ્વસેવા માટે એડવાન્સ પાર્ટીમાં જતાં રહ્યા, તેમને અમારા શત્ શત્ નમન...

॥ ઓમશાંતિ ॥

અનુવાદ - **બ્ર.કુ. વિજય પોશિયા,**
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

(પેજ નં. 14નું અનુસંધાન)... સદ્દ્ભાવનાઓના

તો આવો. આપણે સૌ સર્વ પ્રથમ આપણા ઘર તથા પડોશી સાથે સદ્દ્ભાવનાઓનો પ્રારંભ કરીએ સૌને આત્મા તરીકે જોઈએ. પોતાના ભાઈ સમજીએ. સર્વ મનુષ્યાત્માઓ આ દેહરૂપી વસ્ત્રને ધારણ કરીને પોતપોતાનાં પાર્ટ (ખેલ) બજવી રહ્યાં છે. અર્થાત્ સૌ આ વિશ્વમંચ પર એક્ટર્સ છે. આ જાણીને સર્વ સાથે સ્નેહ રાખી શુભ-ભાવનાઓમાં વૃદ્ધિ કરીએ.

'સર્વ આગળ ધૈર્ય, સર્વ સુખી થાય, સર્વનું કલ્યાણ થાય' આ આપણા મનની શ્રેષ્ઠ ભાવના બની જાય. આ ભાવનાથી મનુષ્યની ઘૃણા નષ્ટ થાય છે. ઈર્ષ્યા દ્વેષનો અગ્નિ શાંત થાય છે. બદલાનો ભાવ સમાપ્ત થાય છે. આ ભાવનાથી મનમાં બીજાઓએ સહયોગ આપવાની તથા સુખ આપવાની ભાવના જાગૃત થાય છે. ઘર, પરિવાર તથા સમાજના લડાઈ ઝગડા નષ્ટ થાય છે.

આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે જો આપણે બીજાઓનું સારું વિચારીશું તો બીજાઓ પણ આપણું સારું વિચારશે. ખોટું ખોટાપણાને જન્મ આપે છે. અન સારું સારાપણાને જન્મ આપે છે. પોતાની શ્રેષ્ઠ ભાવનાઓથી તો શત્રુને પણ મિત્ર બનાવી શકાય છે. અને આ સંસારમાં તે વ્યક્તિ સૌથી સુખી છે કે જેના મનમાં કોઈના પ્રત્યે પણ ઘૃણાભાવ ન હોય.

તો આવો, આજથી પોતાના મનમાં છુપાયેલી ખોટી ભાવનાઓને - ઘૃણાભાવને દૂર કરીએ. એક એક વ્યક્તિ આવું કરશે તો વિશ્વ બદલાઈ જશે.

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં એપ્રિલ-૨૦૨૨ માસની શબ્દાવલી ભાગ-૧૭ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ-૧૮ અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. તમને આવતા જૂન-૨૦૨૨ના અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ-૧૮ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ - ૧૮

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | | 3 | 4 | | 5 | 6 | |
| 7 | | 8 | | | | | 9 | | |
| | | | | | | 10 | | | 11 |
| 12 | | | 13 | | 14 | | | 15 | |
| | | 16 | | | 17 | | 18 | | |
| | | | | | | | | | |
| | | 19 | | 20 | | 21 | | 22 | |
| 23 | 24 | | | 25 | | | 26 | | |
| 27 | | | 28 | | | 29 | | 30 | |
| 31 | | | 32 | | | | | | |

**આડી ચાવીઓ -**

1. ખોવાયેલું (૨)
3. જેવો .......તેવો રંગ (૨)
5. ચૈત્ર પછી ......મહિનો આવે (૩)
7. ૧૨મી મે યજ્ઞના આદિરત્નનો સ્મૃતિ દિવસ (૬)
9. રાત કે ......થક મત (૨)
10. મેરે ......કા સિતારા (૨)
12. ડ્રામા કી ઢાલ, જ્ઞાનની ......(૪)
14. વાયર (૨)
15. ભવિષ્ય (૨)
16. માથે ઓઢવાની પ્રથા (૨)
17. દુઃખ (૩)
19. અડીગ શબ્દને ઉંધો લખો (૩)
21. ચીજ વસ્તુનું પેકિંગ (૩)
23. દીપક (૨)
24. એક કંદમૂળ (૩)
25. ......ભારત આમ સારી દુનિયા (૨)
26. લેપટોપની એક કંપની (૨)
27. વૈશાખ વદ તેરસનું વ્રત (૫)
30. સમય (૨)
31. સાહેબ શબ્દનો અંગ્રેજી અર્થ (૨)
32. આમને-સામને, સામે-સામે (૬)

**ઉભી ચાવીઓ -**

1. ૧લી મે (૧૦)
2. એક કઠોળ (૨)
3. ઈડલી અને .....(૩)
4. બહોત .....થોડી રહી (૨)
5. જ્ઞાન, ભક્તિ અને ......(૩)
6. .......બને સમુંદર (૨)
8. સભી કી દિલ લેનેવાલા (૪)
10. ભગવાન કી અવતરણ ભૂમિ (૩)
11. બ્રહ્માકુમારીઝનો મૂળ-મુખ્ય પાયાનો નિયમ (૪)
13. રાજસ્થાનનો પોશાક (૪)
14. પ્રભાવ, ઈમ્પ્રેશન (૩)
18. ૮મી મે નો દિવસ (૪)
20. વૈશાખ સુદ ત્રીજ (૪)
22. પડકાર (૪)
24. પાણીને અંગ્રેજીમાં શું કહેવાય? (૩)
28. જીતને અંગ્રેજીમાં ......કહેવાય (૨)
29. સાધના (૨)

## શબ્દાવલી ભાગ-૧૭ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 અ | 2 મૃ | 3 ત | મ | 4 હો | ત્સ | 5 વ | | 6 મા | સી |
| 7 મ | ગ | જ | | વ | | 8 શ | ય | ન | |
| દા | | | 9 જા | ન | 10 કી | | | 11 વ | 12 સ્તુ |
| 13 વા | 14 દા | | 15 મ | હા | વી | 16 ર | 17 જં | ય | તિ |
| 18 દ | મ | 19 ન | | ર | | 20 સ | ર્વ | ત્ર | |
| | 21 ન | ર | મ | | 22 તા | | પૂ | | 23 રા |
| | | | | 24 ગા | જ | 25 ર | | 26 ઠા | મ |
| 27 એ | 28 પ્રિ | લ | 29 ફૂ | લ | | 30 ત | 31 પો | વ | ન |
| 32 ક | ત | | લ | | 33 ત | લા | ક | | વ |
| 34 લી | મ | ડો | | 35 ગ | ર | મી | | 36 સ્વા | મી |




કુતિયાણા સેવાકેન્દ્રના ‘રજત જયંતી મહોત્સવ’ની ઉજવણીમાં આબુથી પધારેલ બ્ર.કુ.ગીતાબેન, બ્ર.કુ.દમયંતીદીદી, બ્ર.કુ.ગીતાબેન, બ્ર.કુ. મધુબેન, બ્ર.કુ. રમેશભાઈ સાથે સન્માનિત પ્રભુરત્નો.




રાજકોટમાં ‘સફળ વ્યાપારથી સ્વર્ણિમ ભારત’માં બ્ર.કુ.નલિનીબેન, જેમ્સ-જ્વેલરી એસો.ના પ્રમુખ જગદીશભાઈ, વિવિધ વ્યાપારજૂથોના અગ્રણી રાજુભાઈ, હિતેશભાઈ, હરેનભાઈ, જમનભાઈ, બ્ર.કુ. દક્ષાબેન.



કિલ્લા-પારડીમાં ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે’ સિનિયર સીટીઝન મંડળ દ્વારા સન્માનીત કર્યા બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. પારૂલબેન.



સુરત રાંદેર સેવાકેન્દ્ર દ્વારા ‘શિવ મહોત્સવ’ના ઉપલક્ષ્યમાં દીપોત્સવ પ્રતિજ્ઞા સાથે આયોજીત સંદેશવાહક શોભાયાત્રાનું મનોહર દૃશ્ય.



સુરત પરવત સેવાકેન્દ્ર ખાતે આયોજીત ‘વરિષ્ઠ બ્રહ્માકુમાર ભાઈ-બહેનોના સન્માન સમારોહ’ બાદ સમૂહચિત્રમાં સન્માનિત વરિષ્ઠ નાગરિકો સાથે બ્ર.કુ. તૃપ્તિબેન તથા બ્ર.કુ. સંગીતાબેન.



અમદાવાદ નારોલ સેવાકેન્દ્ર પર ‘વુમન ડે’ના સંદર્ભે પ્રતિભાશીલ નારીઓની વિવિધ વેશભુષા સ્પર્ધામાં વિજેતા બહેનો સાથે ગ્રુપમાં ઉદ્‌ઘાટક ડૉ. ભૂમિબેન, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. સંધ્યાબેન.



અમદાવાદ ઈસનપુરમાં ‘મહિલા દિવસે’ સંયુક્ત પરિવારની સફળ મહિલાઓના સન્માન કાર્યક્રમના ઉદ્‌ઘાટનમાં ડૉ. હેતલબેન સોની, બ્ર.કુ. જાગૃતિબેન, બ્ર.કુ. રાજેશ્વરીબેન, બ્ર.કુ. ડૉ. જયશ્રીબેન.




ઘોઘંબા સ્મશાનગૃહમાં આધ્યાત્મિક પ્રદર્શનના ઉદ્‌ઘાટન બાદ ગ્રુપમાં સરપંચ નિલેશભાઈ, BJP પ્રમુખ ગુણવંતસિંહ, જીલ્લા પંચાયતના સભ્ય ભીખાભાઈ, કબીરપંથી મંડલેશ્વર પ્રીતમદાસજી, બ્ર.કુ. ક્ષમાબેન.

**Gyan Amrit** Vol.15 | Issue 05 | May 2022| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December 2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



રાજકોટ રણછોડનગર ખાતે 'આઝાદીના અમૃત મહોત્સવ' કાર્યક્રમ અંતર્ગત 'સમાજના શ્રેષ્ઠીઓના સન્માન સમારોહ'નું ઉદ્‌ઘાટન કરતાં ગુજરાત રાજ્યના વાહન વ્યવહાર મંત્રીશ્રી અરવિંદભાઈ રૈયાણી, રાજકોટના યુવરાજ ઠાકોર સાહેબ શ્રી માંધાતાજી, પુરુષાર્થ યુવક મંડળના પ્રમુખ ભ્રાતા કિશોરભાઈ, બ્ર.કુ. રેખાબેન, બ્ર.કુ. અંજુબેન.




ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટર ખાતે 'ગ્લોબલ ક્લિનિક'નું ઉદ્‌ઘાટન કરતાં ગ્લોબલ હોસ્પીટલ મા.આબુ સર્વ યુનિટના ડાયરેક્ટર ડૉ. પ્રતાપભાઈ મિઢા, ટ્રસ્ટી ભ્રાતા જીતુભાઈ મોદી, બ્ર.કુ. ચંદ્રિકાબેન, GGRCના ડાયરેક્ટર ડૉ. મુકેશભાઈ, બ્ર.કુ. નેહાબેન તથા અન્ય.



જૂનાગઢ ખાતે 'વિશ્વ મહિલા દિવસ'ના કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય કરતાં જૂનાગઢ મ્યુનિસિપલ કૉર્પોરેશનના મેયર ભગિની ગીતાબેન પરમાર અને શહેરની અગ્રણી મહિલાઓ સાથે ગુજરાત ઝોનના એડીશનલ ડાયરેક્ટર બ્ર.કુ. દમયંતીદીદી.




વડોદરા મંગલવાડીમાં 'વિશ્વ મહિલા દિને' સ્નેહમિલનમાં દીપ પ્રગટાવતાં વડોદરા મ્યુ. કૉરપોરેશનના કૉરપોરેટર ભગિની જાગૃતિબેન કાકા, ફેશન ડિઝાઈનર ગાયત્રીબેન, ડૉ.સુનિતાબેન, ડૉ.અંજુબેન, ચંદ્રિકાબેન, નિકીતાબેન, બ્ર.કુ.રાજબેન.




વડોદરા અલકાપુરી દ્વારા 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત 'સુરક્ષિત ભારત સડક સુરક્ષા મોટર સાયકલ યાત્રા'ના શુભારંભ પ્રસંગે દીપ પ્રગટાવતાં વડોદરા પોલીસ શી(She) ટીમના PI ભગિની બોરીયાલા, શોપી મૉલના માલિક ભ્રાતા સુનીલ જીવન, મ્યુ. કાઉન્સેલર રીતાબેન આચાર્ય, કથાકાર જાની મહારાજ, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન.



સુરત કામરેજ ખાતે 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત 'આત્મ નિર્ભર કિસાન અભિયાન'ના શુભારંભમાં અભિયાન યાત્રીઓ સાથે, બ્ર.કુ. પૂર્ણિમાબેન, રાષ્ટ્રીય સંયોજીકા બ્ર.કુ. તૃપ્તિબેન, તાલુકા પંચાયતના પ્રમુખ ભ્રાતા અજીતભાઈ, ભારતીય વિદ્યામંડળના પ્રમુખ ભ્રાતા અરવિંદભાઈ, બાયોટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટના આચાર્ય ડૉ. રમેશભાઈ પટેલ.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com